dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 275 | AD - 2026, Jeth Vad -12 | Saturday, Dt. 11-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## પીએમ મોદીનું ઓકલેન્ડ એરપોર્ટ પર ભવ્ય અને ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું

# ૪૦ વર્ષ પછી ભારતીય વડાપ્રધાન ન્યૂઝીલેન્ડની મુલાકાતે

ઓકલેન્ડ,તા.૧૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ત્રણ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં શુક્રવારે ન્યૂઝીલેન્ડ પહોંચ્યા છે. છેલ્લા ૪૦ વર્ષમાં ન્યૂઝીલેન્ડની મુલાકાત લેનારા તેઓ પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા છે. ઓકલેન્ડ એરપોર્ટ પર તેમનું ભવ્ય અને ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સન પોતે પીએમ મોદીના સ્વાગત માટે એરપોર્ટ પર હાજર રહ્યા હતા અને તેમને આલિંગન આપીને આવકાર્યા હતા. આ પ્રસંગે ભારત અને ન્યૂઝીલેન્ડની સેનાના પ્રતિનિધિઓની હાજરી વચ્ચે વડાપ્રધાન મોદીને રેડ કાર્પેટ વેલકમ આપવામાં આવ્યું હતું. પીએમ લક્સને આ મુલાકાતને ન્યૂઝીલેન્ડ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાવી હતી અને પીએમ મોદીને વિશ્વના એક ખૂબ જ પ્રખ્યાત નેતા તરીકે સંબોધ્યા હતા.

આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે વ્યાપક ચર્ચાઓ થવાની છે. માર્ચ ૨૦૨૫માં ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન લક્સનની ભારત મુલાકાત બાદ આ પ્રવાસ બંને દેશોના સંબંધોને એક નવી ગતિ આપશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે અગાઉ થયેલા ઐતિહાસિક મુક્ત વેપાર કરાર (FTA) ની પ્રગતિની સમીક્ષા કરવાનો અને તેની સત્તાવાર જાહેરાત કરવાનો છે. પીએમ



લક્સનના જણાવ્યા અનુસાર આ કરારથી ન્યૂઝીલેન્ડની ૫૭ ટકા નિકાસને પ્રથમ દિવસથી જ ડ્યુટી-ફ્રી એટલે કે ટેરિફ મુક્ત પ્રવેશ મળશે, જેનાથી ભારતીય બજારમાં તેમની સેવાઓ અને ઉત્પાદનોની પહોંચ ઘણી સરળ બનશે.વેપાર ઉપરાંત બંને દેશો સંરક્ષણ, શિક્ષણ અને તકનીકી ક્ષેત્રે પણ પોતાની ભાગીદારી ગાઢ બનાવશે, કારણ કે ભારત એ ન્યૂઝીલેન્ડ માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો બીજો સૌથી મોટો સ્ત્રોત છે. ન્યૂઝીલેન્ડ પહેલા વડાપ્રધાન મોદીએ ઓસ્ટ્રેલિયાની ત્રણ દિવસની મુલાકાત લીધી હતી, જ્યાં સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા પર વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે મહત્વની ચર્ચા થઈ હતી. તેમજ ઓસ્ટ્રેલિયાથી ભારતમાં પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ્સ માટે યુરેનિયમના વ્યાપારી પુરવઠા અંગેના નાગરિક પરમાણુ ઊર્જા કરારને પણ આ પ્રવાસમાં આખરી ઓપ આપવામાં આવ્યો છે.ન્યૂઝીલેન્ડ ભારતને વિશ્વની એક ઝડપથી ઊભરતી આર્થિક સત્તા અને સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ માને છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભારતનો વધતો પ્રભાવ અને વ્યૂહાત્મક ભૂમિકા ન્યૂઝીલેન્ડ માટે ખૂબ જ મૂલ્યવાન છે. આ જ કારણે ન્યૂઝીલેન્ડે ૨૦૧૧થી 'ઈન્ડિયા સ્ટ્રેટેજી' અંતર્ગત ભારતને પ્રાથમિકતાવાળા દેશ તરીકે સ્થાન આપ્યું છે. ભારત ન્યૂઝીલેન્ડમાં ફાર્માસ્યુટિકલ્સ, મશીનરી, કાપડ, વાહનો અને કિંમતી ઝવેરાતની નિકાસ કરે છે, જ્યારે ત્યાંથી ઊન, લાકડું અને એલ્યુમિનિયમ જેવી વસ્તુઓની આયાત કરે છે. આ મુલાકાત દરમિયાન પીએમ મોદી ઓકલેન્ડના સ્પાર્ક એરેના ખાતે ૧૦,૦૦૦થી વધુ પ્રવાસી ભારતીયોના એક વિશાળ સમુદાય કાર્યક્રમને પણ સંબોધિત કરશે.

# ઓસ્ટ્રેલીયામાં ૧૬ વર્ષની નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધને મોદીએ વખાણ્યો

મેલબોર્ન,તા.૧૦

શું ભારત પણ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે? ઓસ્ટ્રેલિયા વિશ્વનો એવો પહેલો દેશ બન્યો છે જેણે પોતાના ત્યાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. પીએમ નરેન્દ્ર મોદીએ આ નિર્ણયને એક મોટી શીખ ગણાવી છે. મેલબોર્નમાં આયોજિત ભારત-ઓસ્ટ્રેલિયા શિખર સંમેલનમાં બોલતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને બાકીના દેશોએ પણ ઓસ્ટ્રેલિયાના આ પ્રશંસનીય પગલામાંથી ઘણું બધું શીખ્યું છે.રિપોર્ટ્સ અનુસાર, ઓસ્ટ્રેલિયામાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ત્યાંના પીએમ એન્થની અલ્બનીઝની હાજરીમાં પીએમ મોદીએ આ કડક કાયદાની જોરદાર પ્રશંસા કરી છે.

# તૃણમુલ કોંગ્રેસના ત્રણ સાંસદોને ભાજપે પેટા ચૂંટણી માટે ઉમેદવાર બનાવ્યા

નવી દિલ્હી,તા.૧૦

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ત્રણ પૂર્વ રાજ્યસભા સાંસદ સુષ્મિતા દેવ, સુખેન્દુ શેખર રાય અને પ્રકાશ ચિક બરાઈક ગુરુવારે ભાજપમાં જોડાયા. ભાજપે ત્રણેયને બંગાળની ત્રણ રાજ્યસભા બેઠકો પર યોજાનારી પેટાચૂંટણી માટે ઉમેદવાર બનાવ્યા છે. પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં TMCની હાર પછી ત્રણેય નેતાઓએ રાજ્યસભાની સદસ્યતા અને TMCમાંથી રાજીનામું આપી દીધું હતું. ત્રણેયે મમતા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે પાર્ટી મનસ્વી રીતે ચાલી રહી છે. સુખેન્દુએ ૮ જૂન, સુષ્મિતાએ ૧૦ જૂન અને પ્રકાશે ૧૧ જૂને રાજીનામું આપ્યું હતું. બંગાળની આ ત્રણ રાજ્યસભા બેઠકો પર યોજાનારી પેટાચૂંટણી માટે ૨૪ જુલાઈએ મતદાન અને મતગણતરી થશે. પેટાચૂંટણીની અધિસૂચના ૭ જુલાઈએ જાહેર થશે.



# કેરિયાનાગસ ગામે તળાવમાં નવા નીરને વધાવતા મંત્રી કૌશિક વેકરીયા

અમરેલી,તા.૧૦

અમરેલી તાલુકાના કેરિયાનાગસ ગામમાં આવેલા તળાવમાં ચોમાસાના સારા વરસાદને કારણે નવા નીરની આવક થતા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં આનંદની લાગણી જોવા મળી હતી. તળાવમાં પાણીની નોંધપાત્ર આવક થતા ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ હતી અને આગામી ખેતી સીઝન માટે આશાનું વાતાવરણ સર્જાયું હતું. આ પ્રસંગે ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ ગામના ખેડૂતો અને આગેવાનો સાથે નવા નીરના વધામણા કર્યા હતા. કૌશિક વેકરીયાએ જણાવ્યુ હતું કે પાણી વિકાસનો મુખ્ય આધાર છે અને તળાવો ભરાતા માત્ર જળાશયો જ નહિ પરંતુ ખેડૂતોની આશાઓ પણ નવી ઉંચાઈ મેળવે છે. તેમણે કહ્યુ કે સરકાર દ્વારા જળસંચયના વિવિધ કામોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે જેથી વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ થઈ શકે અને ભવિષ્યમાં પાણીની તંગી ઉભી



ન થાય. કેરિયાનાગસ તળાવમાં આવેલા નવા નીરથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતુ પાણી મળવાની શક્યતા ઉભી થઈ છે. તળાવ ભરાવાથી ભૂગર્ભ જળસ્તરમા પણ વધારો થશે અને પશુપાલકોને પણ લાભ મળશે. ગામના લોકોના મતે આ પાણી આગામી રવિ તેમજ ઉનાળુ પાક માટે ખૂબ ઉપયોગી સાબિત થવાનુ છે. જેના કારણે ખેતી ઉત્પાદન વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રસંગ દરમિયાન ગામલોકોએ પ્રકૃતિ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો અને પાણીના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. ઉપસ્થિત લોકોએ પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ગ્રામજનોએ જણાવ્યુ કે પાણીના દરેક ટીપાનુ જતન કરવામાં આવશે તો જ આવનારી પેઢી માટે જળસુરક્ષિત અને સમૃધ્ધ ગુજરાતનું નિર્માણ શક્ય બનશે.

## અમરેલી લાઠી રોડ પર ડામર મશીન અડચણરૂપ બન્યુ



અમરેલીના લાઠી રોડ પર કોન્ટ્રાકટરની બેદરકારીને કારણે ડામર મશીન રસ્તા પર પડેલુ હોવાથી વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. આ બાબતે અનેક રજૂઆત કરવા છતાં આ મશીન લેવામાં ન આવતા વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે.

# ચલાલા ગાયત્રી સંસ્કારધામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ચલાલા,તા.૧૦

ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કારધામ ખાતે સર્વ નિદાન આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ દાંત અને આંખના રોગોની તપાસ કરાવી લાભ લીધો હતો.કેમ્પ દરમિયાન દાંતના રોગોની તપાસ અને સારવાર તેમજ આંખોની તપાસ કરવામાં આવી હતી. આંખના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વધુ સારવાર માટે રાજકોટની રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે મોકલવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.કેમ્પ દરમિયાન દાંતના રોગોની તપાસ અને સારવાર તેમજ આંખોની તપાસ કરવામાં આવી હતી. આંખના ઓપરેશનની



જરૂરિયાતવાળા દર્દીઓને વધુ સારવાર માટે રાજકોટની રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે મોકલવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓનું નિદાન કરી જરૂરી માર્ગદર્શન અને સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગાયત્રી સંસ્કારધામના વડા સંત ડૉ. રતિદાદાના માર્ગદર્શન હેઠળ મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલીના નાના માચીયાળા ગામે આરોગ્ય કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૦

અમરેલીના નાના માચીયાળા આયુષ્યમાન આરોગ્ય મંદિરના સેજાના બક્ષીપુર ગામમાં બીપી, ડાયાબિટીસ, ટીબી અને કેન્સર જેવા રોગોની તપાસ માટે આરોગ્ય કેમ્પ યોજાયો હતો. કેમ્પનું આયોજન તાલુકા આરોગ્ય અધિકારી ડો. એસ.



બી. સતાણી તથા ડો. બોરીચાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સરપંચ વિપુલભાઈ જેઠવા અને સુપરવાઈઝર વિજયભાઈએ પણ આયોજનમાં સહયોગ આપ્યો હતો. કેમ્પ દરમિયાન તાલુકા ટી.એફ.એસ. કુસુમબેન હડિયા, કેયુરભાઈ મારૂ, ચારુબેન રાઠોડ, પ્રભાબેન મહેતા અને ભાવનાબેન પાડલિયાએ કામગીરી સંભાળી હતી. ગામના મોટી સંખ્યામાં લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. આ અંગેની માહિતી સ્થાનિક આરોગ્ય કર્મચારી કેયુરભાઈ મારૂએ આપી હતી.

# લાઠી-બાબરા તાલુકા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૦

લાઠી શહેર ખાતે આજે લાઠી-બાબરા તાલુકા સંકલન અને ફરીયાદ સમિતીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ સમિતિના સભ્યો હાજર રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં જનક તળાવીયાએ તાલુકાના લોકોની સમસ્યાઓનું ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવા માટે તમામ વિભાગોને સંકલન સાથે કામગીરી કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. બેઠક દરમિયાન માર્ગ-મકાન, પીવાનું પાણી, વીજ પુરવઠો, આરોગ્ય,




શિક્ષણ, કૃષિ, રેવન્યુ, ગ્રામ વિકાસ અને સામાજિક ન્યાય વિભાગને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. અગાઉની બેઠકોમાં લેવાયેલા નિર્ણયો અંગે સમીક્ષા કરવામાં આવી અને બાકી રહેલા પ્રશ્નોનું સમયમર્યાદામાં નિરાકરણ લાવવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. પીવાના પાણી અને રસ્તાઓની સ્થિતિ અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા ઉભી ન થાય તે માટે આગોતરું આયોજન કરવા જણાવાયું હતું. આરોગ્ય વિભાગને દવાખાનાઓમાં ડોક્ટરોની હાજરી અને દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા જણાવાયું હતું. શિક્ષણ વિભાગને શાળાઓમાં જરૂરી સુવિધાઓ અને શિક્ષકોની ઘટ અંગે ધ્યાન આપવા સૂચના આપવામાં આવી હતી.

# રાજુલાની રાજવી રઘુવંશીએ સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો

રાજુલા,તા.૧૦

અમદાવાદમાં યોજાયેલી ૬૨મી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં રાજુલાની રાજવી રઘુવંશીએ શાનદાર પ્રદર્શન કરી રાજુલા તેમજ સમગ્ર રઘુવંશી સમાજનું ગૌરવ વધાર્યુ છે. રાજવીએ ૧૦ મીટર પિસ્તોલ શૂટિંગ (NR) ટીમ ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ દેખાવ સાથે દ્વિતીય સ્થાન સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત



કર્યો છે. આ સાથે તેણે નેશનલ ચેમ્પિયનશિપ માટે જરૂરી ક્વોલિફાઈંગ સ્કોર પણ હાંસલ કર્યો છે. હવે આગામી દિવસોમાં રાજવી નેશનલ કક્ષાની સ્પર્ધામાં રમવા જશે. આ ઉપરાંત ૧૦ મીટર સબ-યુથ વુમન કેટેગરીમાં પણ રાજવીએ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# રાજુલા બસ સ્ટેશનમાં ખિસ્સાકાતરૂ ઝડપાયો, ચોરાયેલી રોકડ સાથે પોલીસે પકડ્યો

રાજુલા,તા.૧૦

રાજુલા બસ સ્ટેશન ખાતે બસમાં ચડતા અને ઉતરતા મુસાફરોને નિશાન બનાવી ખિસ્સાકાતરૂ દ્વારા ચોરી કરવામાં આવતી હોવાની ઘટનાનો ભેદ રાજુલા પોલીસે ઉકેલી લીધો છે. તાજેતરમાં એક મુસાફરના ખિસ્સામાંથી પાકીટ અને રોકડ રકમની



ચોરી થયાની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવાયેલા સીસીટીવી કેમેરા તેમજ માનવ સૂત્રોની મદદથી આરોપીની ઓળખ કરી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી યુસુફભાઈ ભીવનભાઈ પરમાર, રહે કોડીનાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની પાસેથી ચોરીમાં ગયેલા ૩,૫૦૦ રૂપિયા કબ્જે કર્યા હતા.




## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૬૨૪ ની ખેતીના માલીકશ્રી સુવાગીયા દેવશીભાઈ લાલજીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૮૦૯ (જૂનો સ.નં-૧૪૩ પૈકી ૧) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૧૧-૪૧, આકાર-૩.૮૫ વાળી ''પાટીવાળુ'' ખેતર તરીકે ઓળખાતી ખેતીની જુની શરતની જમીન હકપત્રક નોંધ નં.૧૭૮૨ થી તેઓના નામે નોંધાયેલ છે.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૬૨૮ ની ખેતીના માલીકશ્રી સુવાગીયા ભરતભાઈ દેવશીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૮૧૦ (જુનો સ.નં-૧૪૩ પૈકી ૨) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૧૬-૪૫, આકાર-૪.૦૦ વાળી ''ખારાવાળુ'' ખેતર તરીકે ઓળખાતી ખેતીની જુની શરતની જમીન હકપત્રક નોંધ નં.૧૭૮૩ થી તેઓના નામે નોંધાયેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં કિસાન સેવા સહકારી મંડળી લી. રૂા.૧૨,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોક્ત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૮૩ ૧૩૮૯૪**

**સ્થળઃ- લીલીયા**
**તારીખઃ-૧૦/૭/૨૦૨૬**

## -:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.227/2026
જન્મ તારીખ : 01/06/1984

મેરામણભાઈ રાજાભાઈ સાવધારીયા,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - વેલણ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મેરામણભાઈ રાજાભાઈ સાવધારીયા, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રાજાભાઈ લખમણભાઈ સાવધારીયા તથા રાણીબેન રાજાભાઈ સાવધરીયા ના પુત્ર ગીગાભાઈ રાજાભાઈ સાવધરીયાનો જન્મ તારીખ.01/06/1984 ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**અસરગ્રસ્ત વિસ્તારોમાં રસ્તા, વીજ પુરવઠા અને આરોગ્ય સેવાઓ ઝડપથી પૂર્વવત કરવા મંત્રી કૌશિક વેકરીયાની સૂચના**

# ભારે વરસાદ બાદ અમરેલી જિલ્લાની સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં ગત સપ્તાહ દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ લોકપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. વરસાદના કારણે થયેલ નુકશાન, રાહત કામગીરી અને પુનઃસ્થાપન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું કે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોની મુશ્કેલીઓ ઝડપથી દૂર થાય તે માટે તમામ વિભાગો સંકલન સાથે કામગીરી કરે. તેમણે અગાઉ અસરગ્રસ્ત ગામો અને વિસ્તારોની મુલાકાત લઈને સ્થાનિક પરિસ્થિતિની જાણકારી મેળવી હતી. બેઠક દરમિયાન ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલા તેમજ રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હિરા સોલંકી હાજર રહ્યા હતા. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે પણ વિવિધ વિભાગોની કામગીરી અંગે માહિતી આપી હતી.બેઠકમાં ભારે વરસાદના કારણે નુકશાન પામેલા મુખ્ય માર્ગો અને ગ્રામ્ય રસ્તાઓની



સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓના સમારકામનું કામ ઝડપથી હાથ ધરવામાં આવ્યુ હોવાનું જણાવાયું હતું. અનેક સ્થળોએ માર્ગ વ્યવહાર ફરી શરૂ થઈ ગયો છે જ્યારે બાકી રહેલા કામોને પણ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. ખેતીની જમીનમાં થયેલ ધોવાણ, ગામડાઓના રસ્તાઓને થયેલ નુકશાન તેમજ પશુઓના મૃત્યુના બનાવો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.વીજ પુરવઠાને અસર પહોંચેલા વિસ્તારોમાં ધરાશાયી થયેલા વીજ થાંભલાઓ ઉભા કરવા અને ખોરવાયેલ વીજ વ્યવસ્થા પૂર્વવત કરવા માટે કામગીરી ચાલી રહી હોવાનું બેઠકમાં જણાવાયું હતું. મંત્રી વેકરીયાએ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગને જરૂરી તકેદારી રાખવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધુ સક્રિય બનાવવા સૂચના આપી હતી. નદી અને નાળાઓમાં વરસાદી પ્રવાહ બાદ જમા થયેલો કચરો દૂર કરવા તેમજ પાણીના વહેણને સરળ બનાવવા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા, હર્ષિતા ગોયલ, મહેશ નાકીયા, ખેતીવાડી વિભાગ, સિંચાઈ વિભાગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળના પ્રતિનિધિઓ સહિત વિવિધ અધિકારીઓ હાજર રહ્યા હતા. જિલ્લાભરમાં રાહત અને પુનઃસ્થાપનની કામગીરી વધુ ઝડપે આગળ વધારવા માટે બેઠકમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

## અમરેલી જિલ્લામાં ૩૦ વર્ષમાં આ વર્ષે સારો વરસાદ નોંધાયો

**ગત વર્ષે જિલ્લામાં સરેરાશ ૨૮૧ મિમિ વરસાદ પડ્યો**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષના સરેરાશ મોસમી વરસાદની સ્થિતિ જોતાં ચાલુ વર્ષે સારો વરસાદ નોંધાયો છે. જિલ્લાનો છેલ્લા ૩૦ વર્ષનો સરેરાશ મોસમી વરસાદ ૬૯૭ મિમિ છે. તેની સામે ચાલુ વર્ષે ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં જિલ્લામાં કુલ ૩૦૫ મિમિ વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જે કુલ સરેરાશ વરસાદના ૪૩.૭૬% જેટલો થાય છે. વર્ષ ૨૦૨૫ના સમાન ગાળામાં જિલ્લામાં ૨૮૧ મિમિ વરસાદ પડ્યો હતો જે તે સમયની સરેરાશના ૪૦.૯૮% હતો. આ વર્ષે સરેરાશ વરસાદ વધતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. વરસાદને કારણે અનેક ડેમો પણ છલકાયા હતા.

## બાબરામાં નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

બાબરા,તા.૧૦

બાબરા શહેરમાં કાગવડ ખોડલધામ મંદિરના પ્રમુખ અને જાણીતા સમાજસેવી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે પટેલ સમાજ અને સર્વ સમાજના સંયુક્ત ઉપક્રમે આજે એક ભવ્ય અને મહા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાકીય કેમ્પ બાબરાની ગેલાણી સ્કૂલ ખાતે સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં બાબરા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને વિવિધ સમાજના લોકો ઉત્સાહભેર ભાગ લઈને રક્તદાન કરશે.આ પ્રેરણાદાયી પ્રસંગે અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના પ્રમુખ બાવકુભાઈ ઉંધાડ સહિત ખોડલધામ સમિતિના વિવિધ હોદ્દેદારો અને અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન



મહાનુભાવો રક્તદાનના મહત્વ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપશે અને સમાજના વધુમાં વધુ લોકોને આવા પવિત્ર સેવાકીય કાર્યમાં જોડાવા માટે પ્રેરિત કરશે. આ મહા રક્તદાન કેમ્પને સંપૂર્ણપણે સફળ બનાવવા માટે પટેલ સમાજ અને સર્વ સમાજના અગ્રણીઓ, સ્થાનિક યુવાનો તેમજ સ્વયંસેવકો અત્યારથી જ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આયોજકો દ્વારા આ કેમ્પમાં રેકોર્ડબ્રેક સંખ્યામાં રક્તદાતાઓ જોડાય અને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે તેવી નમ્ર અપીલ પણ કરવામાં આવી છે.

## રાજુલાના ધારેશ્વર ગામ નજીક ચેકડેમમાં ન્હાવા પડેલા ત્રણ ઝડપાયા

રાજુલા,તા.૧૦



અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે નદીઓ અને ચેકડેમોમાં જોખમી પાણીનો પ્રવાહ હોવા છતાં ધારેશ્વર ગામ નજીક ધાતરવડી નદી અને ચેકડેમમાં ત્રણ યુવકો નાહવા માટે ઉતરી ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ તુરંત સ્થળે પહોચી હતી. ત્રણેય યુવકોને સલામત રીતે પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. બાદમાં જાહેરનામાનો ભંગ કરવા બદલ તેઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

## બાબરા ગામની સીમમાં વાડીએ આવવા જવાના રસ્તાની માથાકૂટમાં દાતરડું માર્યું

બાબરા, તા.૧૦

બાબરા ગામની સીમમાં વાડીએ આવવા-જવાના રસ્તા મુદ્દે કુટુંબીજનો વચ્ચે માથાકૂટ થઈ હતી, જેમાં એક વ્યક્તિના માથામાં દાતરડું મારવામાં આવ્યું હતું. આ બનાવ અંગે પ્રકાશભાઈ કરમશીભાઈ નારોલાએ (ઉ.વ.૪૦) ધીરૂભાઈ બચુભાઈ નારોલા, ભીમજીભાઈ બચુભાઈ નારોલા, વિજયભાઈ ભીમજીભાઈ નારોલા તથા જયેશભાઈ ભીમજીભાઈ નારોલા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ તથા સાક્ષીઓ પોતાની વાડીએ હતા તે દરમિયાન ધીરૂભાઈ નારોલાએ તેમને વાડીએ જવા-આવવાનો રસ્તો બગાડી નાખવાનું કહીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. આ ઉપરાંત અન્ય આરોપીઓએ પણ ગાળો ભાંડી હતી. તે દરમિયાન ભીમજીભાઈ નારોલાએ પ્રકાશભાઈના માથામાં દાતરડું મારી દીધું હતું, જેના કારણે તેમને ત્રણ ટાંકા આવ્યા હતા. આ સાથે જ આરોપીઓએ તેમને તથા સાક્ષી કરમશીભાઈને લોખંડના પાઈપના ઘા મારીને મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

## સલડી ગામના વામજા પરિવાર દ્વારા દ્વારકાધીશ મંદિર ખાતે ધ્વજારોહણ કરાયુ

લીલીયા,તા.૧૦

દ્વારકાધીશ જગત મંદિર ખાતે સલડીના વામજા પરિવાર દ્વારા ભક્તિભાવ સાથે ધ્વજારોહણનો પવિત્ર કાર્યક્રમ યોજાયો હતો. સલડી નિવાસી અને હાલ સુરત સ્થિત ચિરાગભાઈ નાનુભાઈ વામજા પરિવાર દ્વારા ભગવાન દ્વારકાધીશને ધ્વજા અર્પણ કરવામાં આવી હતી. ધ્વજારોહણ પહેલા ઢોલ-નગારા અને બેન્ડવાજા સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. મંદિરના શિખર ઉપર ધ્વજા લહેરાતા ભક્તોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે વામજા પરિવાર દ્વારા દ્વારકાના કડવા પટેલ સમાજ



ખાતે મહેમાનો અને સ્વજનો માટે ઉતારા તેમજ સાત્વિક ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. રૂક્ષ્મણી માતાજીના મંદિરે સાડી અર્પણ કરવામાં આવી હતી તેમજ બ્રાહ્મણોને અન્નદાન અને દાન-દક્ષિણા આપવામાં આવી હતી.

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૬૮/૨૦૨૬

શ્રી દક્ષાબેન વાલજીભાઈ સતાણી વા./ઓ. પ્રવિણભાઈ ગોધાણી,
રહે.ગળથ, તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ગળથ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી દક્ષાબેન વાલજીભાઈ સતાણીનો જન્મ તા.૧૮/૦૯/૧૯૮૧ ના રોજ ગામ/મોજેઃ ગળથ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ગળથ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## અમરેલીના ઠેબી ડેમ ખાતે પૂર બચાવ કામગીરીની મોકડ્રીલ યોજાઈ

અમરેલી,તા.૧૦

અમરેલી શહેરના ઠેબી ડેમ ખાતે ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી પૂર અને બચાવ કામગીરી અંગે વિશેષ મોકડ્રીલ યોજાઈ હતી. આપત્તિના સમયે વિવિધ વિભાગો વચ્ચે સંકલન અને તંત્રની તૈયારી ચકાસવા માટે કાલ્પનિક દ્રશ્ય ઉભુ કરવામાં આવ્યુ હતું. જેમાં ડેમના પાણીમાં બે યુવકો ડૂબી રહ્યા હોવાની માહિતી જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને મળતા જ તંત્ર હરકતમાં આવ્યુ હતુ. NDRFની ટીમ, પોલીસ, પેરામેડિકલ



સ્ટાફ અને આપદામિત્રો તાત્કાલિક સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. કુલ ૫૨ અધિકારીઓ અને કર્મચારીઓએ આ કવાયતમાં ભાગ લીધો હતો. NDRFના જવાનો દ્વારા ડૂબતા યુવકોને સુરક્ષિત બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી. મોકડ્રીલથી ભવિષ્યની આપત્તિ સમયે ઝડપી અને અસરકારક કામગીરી માટેની તૈયારી વધુ મજબૂત બની હતી.

-// જાહેર નોટીસ //-

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

ફો.પ.અ. નં.૯૫/૨૦૨૬

અરજદાર :- **યોગવાનંદજી ભુપતભાઈ બળદેવભાઈ**
ઉ.વ.૬૧, ધંધો મજુરી, ધર્મે હિન્દુ/બાવાજી
રહે.ઢસા, તા.ગઢડા, જી.બોટાદ
અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી.કોટડીયા રહે.લાઠી

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી ત.ક.મ.અધિકારી,
અકાળા ગ્રામપંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે ઢસા ગામના રહેવાસી છે. અરજદાર પોતે યોગવાનંદજી ભુપતભાઈ બળદેવભાઈની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે યોગવાનંદજી ભુપતભાઈ બળદેવભાઈનો જન્મ જે તે સમયે અમારી માતાના પિયર અકાળા મુકામે જન્મ તારીખ ૦૧/૦૮/૧૯૬૪ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૦૬/૦૮/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : લાઠી.
તા.૦૬/૦૭/૨૦૨૬

શીરસ્તેદાર ઓફ
લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ
સાહેબની કચેરી




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


-// જાહેર નોટીસ //-
(મરણ નોંધના સમર્થનમાં)

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

ફો.પ.અ. નં.૯૪/૨૦૨૬

અરજદાર :- **નવાપરીયા જયસુખભાઈ ભગવાનભાઈ**
ઉ.વ.૪૫, ધંધો ખેતીકામ, ધર્મે હિન્દુ/પટેલ
રહે.મતીરાળા, તા.લાઠી, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી ત.ક.મ.,
ગ્રામપંચાયત કચેરી મતીરાળા

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે મતીરાળા ગામના રહેવાસી છે. આડી લીટીના અરજદારના વડાનાની સ્વ.વેકરીયા દુધીબેન નાગજીભાઈ મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આડી લીટીના અરજદારના વડનાની સ્વ.વેકરીયા દુધીબેન નાગજીભાઈનું અવસાન ૧૫/૦૬/૧૯૮૫ના રોજ તેમના નિવાસી સ્થાન મતીરાળા ગામે જે તે સમયે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૦૬/૦૮/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : લાઠી.
તા.૦૬/૦૭/૨૦૨૬

શીરસ્તેદાર ઓફ
લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ
સાહેબની કચેરી


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

# ભારે વરસાદથી ગળકોટડીના ખેતરો બેટમાં ફેરવાયા, પવનચક્કીની વાડ હટાવવા બાબરા મામલતદારને રજૂઆત

બાબરા, તા.૧૦

બાબરા તાલુકાના ગળકોટડી ગામમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ગામના ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જવાથી ઊભા પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોના આક્ષેપ મુજબ, વિસ્તારમાં આવેલી પવનચક્કીના વીજ પોલની આસપાસ જે લોખંડની



વાડ બનાવવામાં આવી છે, તેના કારણે વરસાદી પાણીના નિકાલનું કુદરતી વહેણ પૂરાઈ ગયું છે. પાણીનો નિકાલ ન થતાં તે ખેતરોમાં જ ભરાઈ રહ્યું છે, જેથી પાક સડી જવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર પ્રશ્ને ગામના સરપંચ વાસુરભાઈ ચૌહાણની આગેવાની હેઠળ ખેડૂતોએ બાબરા મામલતદારને આવેદનપત્ર આપીને તાકીદે આ વાડ દૂર કરવા માંગ કરી છે. આ ઉપરાંત સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ લેખિત રજૂઆત કરી વહેલી તકે યોગ્ય નિકાલ લાવવા ઉગ્ર માંગ કરાઈ છે.

# બગસરામાં સ્ટ્રીટ લાઈટો બંધ: તંત્રની ઘોર બેદરકારી સામે શહેરીજનોમાં રોષનો માહોલ

બગસરા, તા. ૧૦

બગસરા શહેરમાં પાલિકા દ્વારા લગાવવામાં આવેલી સ્ટીટ લાઈટો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં હોવાથી શહેરના હાર્દ સમાન વિસ્તારો રાત્રિ દરમિયાન અંધારપટમાં ગરકાવ થઈ જાય છે. પોલીસ સ્ટેશનથી લઈને ઝાંઝરીયા બસ સ્ટેશન સુધીનો માર્ગ તેમજ શહેરનું મુખ્ય આકર્ષણ ગણાતો



તસવીર : હાર્દિક બામટા

આઈકોનિક રોડ સંપૂર્ણપણે અંધારામાં ડૂબી ગયો છે. આ રોડ પર લગાવેલી એલઈડી સ્કીનો બંધ છે, ડસ્ટબીનો તૂટી ગયા છે અને સ્ટ્રીટ લાઈટના પોલ પણ ધરાશાયી થઈ ગયા છે, જેના કારણે વડીલો અને મહિલાઓને રાત્રે પસાર થવામાં ભારે મુશ્કેલી પડે છે. જાગૃત નાગરિકો દ્વારા પાલિકા પ્રમુખ અને લાઈટ સમિતિના ચેરમેનને વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર મૌન સેવીને બેઠું છે. આ અંગે પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયાએ નવી લાઈટો મંગાવી હોવાનું અને ટૂંક સમયમાં જ સમસ્યાનું નિવારણ લાવવાનું આશ્વાસન આપ્યું છે. હવે જોવાનું એ રહે છે કે આ કામગીરી ક્યારે પૂર્ણ થાય છે.

# બાબરાના ચમારડી ગામના યુવકનું બાઈક સાઈન બોર્ડ સાથે ભટકાતાં મોત

**યુવકના મોતથી સીતાપરા પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો**

બાબરા, તા.૧૦

બાબરાના ચમારડી ગામના યુવકનું બાઈક સાઈન બોર્ડ સાથે ભટકાતાં મોત થયું હતું. બનાવ અંગે દિલીપભાઈ ધનજીભાઈ સીતાપરા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ અશ્વિનભાઈ ધનજીભાઈ સીતાપરા (ઉ.વ.૩૦) બાઈક લઈને બાબરાથી ચમારડી તરફ જતા મેલડી માના મંદીર પાસે ગોળાઈમાં ગફલત ભરી રીતે અને બેફીકરાઈથી ચલાવતાં સાઈન બોર્ડ સાથે ભટકાયા હતા. જેમાં માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતા મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. આર.ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવના જંગર ગામે મંત્રી કૌશિક વેકરીયાની ખેડૂત સાથે ચાય પે ચર્ચા

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લાના જંગર મુકામે પ્રવાસ દરમિયાન ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કાળુભાઈ વસાણીના ખેતરમાં થોડો વિરામ લીધો હતો. આ દરમિયાન તેમણે જમીન પર બેસીને ખેડૂત પરિવાર અને ગ્રામજનો સાથે ચાની ચૂસકી



માણી હતી. કોઈપણ પ્રકારની ઔપચારિકતા વગર સામાન્ય વ્યક્તિની જેમ વાડીમાં બેસીને તેમણે સૌ સાથે આત્મીય વાતચીત કરી હતી.કૌશિકભાઈ વેકરીયાએ ખેડૂત મિત્રો સાથે વિવિધ મુદ્દાઓ પર અનૌપચારિક ચર્ચા કરી હતી. તેમના સરળ અને લોકસહજ સ્વભાવથી ઉપસ્થિત લોકો પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, ગ્રામજનો અને ખેડૂત મિત્રો પણ હાજર રહ્યા હતા. રાજ્યમંત્રીના આ સાદગીભર્યા વ્યવહારે ગ્રામ્ય જીવન સાથેના તેમના જોડાણની ઝાંખી કરાવી હતી.

# ડેડાણ ગામે મુંજીયાસર જવાના નેળિયામાંથી વિદેશી દારૂ-બીયરની ૧૪ બોટલ ઝડપાઈ

**પોલીસે રૂ.૧૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો**

ખાંભા, તા. ૧૦

ખાંભાના ડેડાણ ગામે મુંજીયાસર જવાના ઉંડા કેડેથી (નેળિયામાંથી) દારૂ અને બીયરની ૧૪ બોટલ ઝડપાઈ હતી. પોલીસે રૂપિયા ૧૪૦૦ની કિંમતનો પ્રોહિબિશન ધારા હેઠળનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત, અરજણસુખ ગામના પાટિયા પાસેથી ૨ લિટર, રંગપુર-વડેરા રોડના સીમ વિસ્તારમાંથી ૫ લિટર અને પીપાવાવ પોર્ટ પાસેથી ૨ લિટર મળી કુલ ૯ લિટર દેશી દારૂ ઝડપાયો હતો. તેમજ જિલ્લામાંથી ૪ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા મળી આવ્યા હતા.

# અમરેલીની બી.એન. વિરાણી કન્યા શાળામાં સાયબર અવેરનેસ અંગે ખાસ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૦

અમરેલીની શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે ૯ જુલાઈ ૨૦૨૬ ના રોજ એક વિશેષ સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત, બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે DYSP ચિરાગભાઈ દેસાઈ અને PI ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને વર્તમાન સમયમાં વધતા સાયબર ગુનાઓથી બચવા વિસ્તૃત માહિતી આપી હતી.



વક્તાઓએ સાયબર ફ્રોડ, ફિશિંગ, OTP છેતરપિંડી, સોશિયલ મીડિયા સુરક્ષા અને ઓનલાઈન ઠગાઈથી બચવાના ઉપાયો સરળ ઉદાહરણો દ્વારા સમજાવી, સુરક્ષા અંગે હંમેશા જાગૃત રહેવાનો મહત્વનો સંદેશ આપ્યો હતો.

# ખાંભામાં રેશનિંગના ઘઉં-ચોખાનો જથ્થો ગેરકાયદેસર ખરીદ્યો હોવાનું ખૂલ્યુ

**બોલેરો ગાડી સહિત રૂ.૭.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત**

ખાંભા, તા.૧૦

સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા સબસિડીયુક્ત અનાજના કાળાબજારનો એક મોટો પર્દાફાશ થયો છે. તત્કાલીન મામલતદાર દ્વારા ડેડાણ-જાફરાબાદ રોડ પર પાડવામાં આવેલી એક રેઈડ દરમિયાન ગેરકાયદેસર રીતે લઈ જવાતો સરકારી ઘઉં અને ચોખાનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ મામલે સત્તાવાળાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તા. ૨૬/૦૫/૨૦૨૫ના રોજ તત્કાલીન મામલતદાર અને તેમની ટીમ દ્વારા ડેડાણ ગામે ડેડાણ-જાફરાબાદ રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતી એક મહેન્દ્રા બોલેરો ગાડીને અટકાવીને તેની તલાશી લેવામાં આવી હતી.

ગાડીની તપાસ કરતા તેમાંથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબોને વહેંચવામાં આવતો અનાજનો મોટો જથ્થો મળી આવ્યો હતો. મામલતદાર સહિતના સાહેદોની હાજરીમાં તંત્ર દ્વારા વાહન અને અનાજ સહિત કુલ રૂ.૭,૮૦,૨૩૧/- નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપી ચૌહાણ હાજીભાઈ યુનુસભાઈ ઠે.મકરાણીપરા વિસાવદર મોટા પાસે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ઘઉં અને ચોખાના પરિવહન, વિતરણ કે સ્ટોક રાખવા માટેનો કોઈ કાયદેસરનો પરવાનો કે અધિકાર પત્ર નહોતો. સમાજના નબળા અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોને રેશનકાર્ડ પર વિતરણ કરવા માટે અપાતો આ સબસિડીયુક્ત જથ્થો આરોપીએ ગેરકાયદેસર રીતે ખરીદ્યો હતો અને તેને બજારમાં સગેવગે કરવાની પેરવીમાં હતો.

રેઈડ દરમિયાન આરોપી ખરીદ-વેચાણ કે સ્ટોક અંગેના કોઈ પણ આધારભૂત પુરાવા રજૂ કરી શક્યો ન હતો. સરકારી જાહેર વિતરણ વ્યવસ્થાને નુકસાન પહોંચાડી ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરવા બદલ આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.૧૧-૦૭-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૦,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૧૧-૦૭-૨૦૨૬ શનિવાર

મેષ:આજે કાર્યમાં ઉત્સાહ રહેશે. અટકેલા કામ ઓછા પ્રયત્નોથી પૂર્ણ થશે. આજે બનાવેલી નવી યોજનાઓ બપોરે વધુ ફળદાયી થશે.

વૃષભ: આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે પરંતુ આ માટે વધુ સંકલ્પ શક્તિની જરૂર રહેશે. કાલ્પનિક દુનિયા છોડવાના ફાયદા અને ગેરલાભ તમારી માનસિકતા પર આધારિત છે.

મિથુન: આજે પણ સંજોગો તમારી તરફેણમાં રહેવાથી લાભની ઘણી તકો મળશે. ધંધામાં વધારાને કારણે આવકમાં વધારો થશે અને નવા સ્ત્રોતોથી પણ પૈસાનો લાભ મળશે.

કર્ક: આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. અસામાન્ય સ્વાસ્થ્યને કારણે શારીરિક નબળાઇનો અનુભવ થશે. આજે મન લગાવ્યા વિના કામ કરવું પડી શકે છે.

સિંહ: આજે તમે સામાજિક કાર્ય દ્વારા કેટલાક ઉદ્દેશ પ્રાપ્ત કરશો. ઓફિસનું વાતાવરણ કાર્ય માટે યોગ્ય રહેશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળતો રહેશે.

કન્યા: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. સરળતાથી સ્પર્ધકો પર જીત મેળવશો. કાર્યક્ષેત્રમાં પણ દિવસ પ્રસન્નતાનો રહેશે, ભૂતકાળમાં કરેલી મહેનતનું ફળ મળવાનું શરૂ થશે.

તુલા: આજનો દિવસ તમારી પરીક્ષા જેવો છે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારા પરિણામ લાવશે. મિત્રોના સમર્થનથી તમે કોઈપણ મોટા પ્રોજેક્ટને અંતિમ રૂપ આપશો.

વૃશ્ચિક: આજે તમારો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. તમારી મહત્વાકાંક્ષાઓની પરિપૂર્ણતા તમને દિવસભર ખુશ રાખશે. આજે તમે સ્વાસ્થ્યને લઈને થોડા અસ્વસ્થ થશો.

ધન: શરૂઆતમાં તમે નવા કામમાં થોડી અડચણ અનુભવશો. મિત્રો અને સંબંધીઓ સાથે લાંબી મુસાફરીનું આયોજન કરવામાં આવશે.

મકર: આજનો દિવસ તમને ખુશી અને શાંતિ આપશે. સમય પસાર કરવા માટે તમને મનોરંજનના સાધન મળશે, તમને આમાં મિત્રોનો ટેકો મળશે.

કુંભ: આજે દિવસભર નરમ સ્વાસ્થ્ય હોવાને કારણે શારીરિક ક્ષમતાઓ ઓછી રહેશે. કામના ભારણમાં વધારો થવાને કારણે તમને ઘણી મુશ્કેલીનો અનુભવ થશે.

મીન: આજે તમારો દિવસ ચપળતાથી ભરપૂર રહેશે. તમારા સાથીઓ હળવા મૂડમાં રહેશે અને પહેલા કરતાં વધુ કામ કરવાની તેમની ઇચ્છા વ્યક્ત કરશે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી સીટીનો રવિવારે શપથગ્રહ સમારોહ યોજાશે

**પ્રમુખ લા.ૠજુલ ગોંડલીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ**

અમરેલી,તા.૧૦

લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)નો તા.૧૨ને રવિવારના રોજ સાંજના ૫:૩૦ કલાકે પટેલવાડી ગજેરાપરા ખાતે યોજાશે. લાયન્સ કલબ સીટી નવા હોદેદારોમાં લા.નરોત્તમભાઈ સાકરીયા, સેક્ટરી લા. દિનેશભાઈ સોરઠીયા, ટ્રેઝરર. લા. વિનોદભાઈ આદ્રોજાની ટીમ શપથગ્રહ કરશે. આ કાર્યક્રમનાં ઉદઘાટક તરીકે ઉર્જા મંત્રી કૌશીક વેકરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી રહેશે.

ઈન્સ્ટોલીંગ ઓફિસ લા. કમલેશ શાહ રહેશે. સંત ડો. રતીદાદા મહેતા આશીર્વચન પાઠવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સાસંદ ભરત સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, અમરેલી પાલીકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, પૂર્વ સાસંદ નારણભાઈ કાછડીયા, ડિસ્ટ્રીક ગર્વનર ૨૦૨૧-૨૨ વસંત મોવલીયા, પી.પી. સોજીત્રા, અશ્વિનભાઈ સાવલીયા, અતુલભાઈ કાનાણી, ડી.કે રૈયાણી, દિપકભાઈ માલાણી, મુકેશભાઈ સંઘાણી, શરદ ધાનાણી, મનીષ સંઘાણી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તત્કાલીન પ્રમુખ લા. ૠજુલ ગોંડલીયા, લા. પરેશ કાનપરીયા, લા. અશ્વિન ડોડીયાએ આમંત્રણ પાઠવ્યુ છે.

# બાબરાના મીયા ખીજડીયા ગામે યુવકે ઝેરી દવા પીધી

બાબરા, તા.૧૦

બાબરાના મીયા ખીજડીયા ગામે એક યુવકે ઝેરી દવા પી લીધી હતી. કરશનભાઈ હમીરભાઈ કનાળા (ઉ.વ. ૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમના દીકરા સંજયભાઈએ કોઈ અગમ્ય કારણસર પોતાના ઘર બહાર શેરીમાં ઝેરી દવા પી લીધી હતી. ઝેરી અસર થતાં યુવકની તબિયત લથડી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી.સોલંકી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટા રીંગણીયાળા ગામે વયોવૃધ્ધનું અગમ્ય કારણોસર મોત

રાજુલા, તા. ૧૦

રાજુલાના મોટા રીંગણીયાળા ગામે એક વયોવૃધ્ધનું અગમ્ય કારણોસર મોત નીપજ્યું હતું. આ અંગે જયસુખભાઈ રવજીભાઈ માંડણકા (ઉ.વ.૫૮) એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, છગનભાઈ માધાભાઈ માંડણકા (ઉ.વ.૮૪) કોઈ અગમ્ય કારણોસર મૃત્યુ પામ્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી કલેક્ટર કચેરી આસપાસ ધરણા-પ્રદર્શન પર પ્રતિબંધ લાગુ

અમરેલી,તા.૧૦

અમરેલીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ કલેક્ટર કચેરી અમરેલી કેમ્પસ તેમજ તેની આસપાસ ૫૦ મીટરની ત્રિજ્યામાં ઉપવાસ, ધરણા, પ્રદર્શન, સભા અને અન્ય વિરોધ કાર્યક્રમો યોજવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જાહેર સુલેહ અને શાંતિને ખલેલ પહોંચે તેવા સૂત્રોચ્ચાર કરવા તેમજ અફવાઓ ફેલાવવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ લાઠી, હથિયાર, વિસ્ફોટક, જ્વલનશીલ અથવા ઝેરી પદાર્થ સાથે આ વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં.

આ હુકમ ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ફરિયાદ નોંધાવવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારી અથવા તેનાથી ઉચ્ચ અધિકારીને સત્તા આપવામાં આવી છે.

# બાબરાના ખંભાળા ગામે યુવક ખેતરે બેભાન હાલતમાં મળ્યો

બાબરા, તા.૧૦

બાબરા તાલુકાના ખંભાળા ગામે એક ચિંતાજનક ઘટના સામે આવી છે, જેમાં ૩૮ વર્ષીય યુવક પોતાના ખેતરે બેભાન હાલતમાં મળી આવતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ખંભાળા ગામના રહેવાસી નાનજીભાઈ લઘરાભાઈ આહલગામા (ઉંમર વર્ષ ૩૮) છેલ્લા સાત-આઠ દિવસથી સતત માથાના દુખાવાની ફરિયાદ કરી રહ્યા હતા. આ દરમિયાન ગત તારીખ ૦૮/૦૭/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યાની આસપાસ તેઓ પોતાના ખેતરે વાહુપા માટે એકલા ગયા હતા. રાત્રે ખેતરમાં ખાટલા પર સૂતા બાદ, સવારે તેઓ શંકાસ્પદ અને અગમ્ય કારણોસર બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ભોગ બનનાર નાનજીભાઈને તાત્કાલિક જસદણની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરના ડોક્ટરે પ્રાથમિક તપાસ બાદ જણાવ્યું હતું કે, ભોગ બનનારને મગજની આંચકી (ખેંચ) આવી હોઈ શકે છે. હાલમાં ભોગ બનનાર યુવક બેભાન હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બાબરા પોલીસ સ્ટેશનના એસઆઈ જે આર દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# સુરત માટે કાયમી પૂર નિયંત્રણ

દર વર્ષે ચોમાસાની ઋતુ શરૂ થતાં જ સુરત શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં પૂરનો ભય ફરી જીવંત બની જાય છે. તાપી નદીમાં ઉપરવાસમાંથી છોડવામાં આવતું પાણી, ભારે વરસાદ, ખાડીમાં ભરતીની સ્થિતિ અને શહેરના ઝડપી શહેરીકરણના કારણે સર્જાતી પાણી ભરાવાની સમસ્યા મળીને સુરતને વારંવાર પૂર જેવી આપત્તિનો સામનો કરાવે છે. વર્ષો સુધી અનેક યોજનાઓ અમલમાં આવી હોવા છતાં સુરતને હજુ સુધી કાયમી ઉકેલ મળ્યો નથી. આ સ્થિતિ દર્શાવે છે કે હવે માત્ર રાહત અને બચાવ પૂરતા નથી, પરંતુ વૈજ્ઞાનિક આયોજન અને લાંબા ગાળાના દૃષ્ટિકોણ સાથે સમગ્ર પૂર વ્યવસ્થાપન વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે. સુરતની પૂર સમસ્યાનો સૌથી મોટો આધાર તાપી નદી અને ઉકાઈ ડેમના સંચાલન સાથે જોડાયેલો છે. ઉપરવાસમાં ભારે વરસાદ પડતાં ડેમમાં પાણીની આવક ઝડપથી વધે છે અને સલામતીના હેતુથી મોટી માત્રામાં પાણી છોડવું પડે છે. જો આ સમય દરમિયાન સુરતમાં ભારે વરસાદ હોય અથવા ખાડીમાં ભરતી હોય તો પાણીનો નિકાલ ધીમો પડી જાય છે અને શહેરના અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાય છે. તેથી ઉકાઈ ડેમના સંચાલનમાં આધુનિક હવામાન અનુમાન, વરસાદના ડેટા અને નદીના પ્રવાહનું રિયલ-ટાઈમ વિશ્લેષણ કરીને સમયસર અને તબક્કાવાર પાણી છોડવાની પધ્ધતિ વધુ અસરકારક રીતે અમલમાં મૂકવી જોઈએ. પૂર સામે લડવામાં આધુનિક ટેકનોલોજી પણ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેટેલાઈટ માહિતી, રડાર આધારિત વરસાદી આગાહી અને રિયલ-ટાઈમ ફ્લડ મોનિટરિંગ સિસ્ટમના ઉપયોગથી સંભવિત પૂર અંગે અગાઉથી ચોક્કસ ચેતવણી આપી શકાય છે. મોબાઈલ સંદેશા, સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા લોકોને સમયસર માહિતી પહોંચાડવાથી જાનહાનિ અને નુકસાન બંનેમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. શહેરના વિકાસમાં પણ પૂરના જોખમને કેન્દ્રસ્થાને રાખવો જરૂરી છે. નીચાણવાળા વિસ્તારોમાં અનિયંત્રિત બાંધકામોને મંજૂરી આપવાને બદલે પૂરપ્રવણ વિસ્તારો માટે વિશેષ ઝોનિંગ નીતિ અમલમાં મૂકવી જોઈએ. નવા રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહ, રિચાર્જ સિસ્ટમ અને પાણીના કુદરતી પ્રવાહને જાળવી રાખતી ડિઝાઈનને પ્રોત્સાહન આપવું જોઈએ. શહેરી આયોજનમાં પર્યાવરણ અને આપત્તિ વ્યવસ્થાપનનો સમાવેશ હવે અનિવાર્ય બની ગયો છે. સુરત ભારતના સૌથી મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને વેપારી શહેરોમાંનું એક છે. દર વર્ષે પૂરથી થતું આર્થિક નુકસાન માત્ર સુરત પૂરતું મર્યાદિત રહેતું નથી, પરંતુ રાજ્ય અને દેશના અર્થતંત્રને પણ અસર કરે છે. તેથી પૂર નિયંત્રણને માત્ર સ્થાનિક સમસ્યા તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય આર્થિક સુરક્ષાના પ્રશ્ન તરીકે જોવાની જરૂર છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, વૈજ્ઞાનિક સંસ્થાઓ અને નાગરિકો વચ્ચે સંકલિત પ્રયાસો દ્વારા જ આ સમસ્યાનો કાયમી ઉકેલ શક્ય બની શકે છે. સુરતને દર વર્ષે પૂરથી બચાવવું અશક્ય કાર્ય નથી. મજબૂત આયોજન, આધુનિક ટેકનોલોજી, પર્યાવરણને અનુરૂપ વિકાસ, વૈજ્ઞાનિક ડેમ સંચાલન અને જવાબદાર નાગરિક ભાગીદારીના સમન્વયથી સુરતને વધુ સુરક્ષિત અને આપત્તિ-પ્રતિરોધક શહેર બનાવી શકાય છે. હવે સમય રાહત કામગીરી પર નિર્ભર રહેવાનો નથી, પરંતુ એવી વ્યવસ્થા ઊભી કરવાનો છે કે જેમાં પૂર આવે તો પણ તેનું નુકસાન ન્યૂનતમ રહે અને સુરતનો વિકાસ અવિરત આગળ વધતો રહે.

# ઓપરેશન સ્ટાર : મધ્ય દરિયે ઇન્ડિયન કોસ્ટ ગાર્ડનું દિલધડક રેસ્ક્યુ ઓપરેશન



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અરબી સમુદ્ર આજે જાણે પોતાના રૌદ્ર સ્વરૂપમાં હતો. આકાશમાં ઘેરાયેલા કાળા વાદળો, કલાકના અનેક કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવનો અને પર્વત જેટલા ઊંચા મોજાં વચ્ચે નાનકડી માછીમારી બોટો રમકડાં જેવી ઉછળી રહી હતી. એક તરફ જીવલેણ તોફાન અને બીજી તરફ કિનારાથી અનેક નોટિકલ માઈલ દૂર ફસાયેલા માછીમારો. ચારેબાજુ માત્ર ગર્જતા મોજાં, ધોધમાર વરસાદ અને મૃત્યુનો ભય. આશાની છેલ્લી કિરણ પણ ધૂંધળી બનતી હતી. એવી વિકટ ઘડીએ ભારતીય કોસ્ટ ગાર્ડે શરૂ કરેલું "ઓપરેશન સ્ટાર" અનેક પરિવારો માટે જીવનદાયી સાબિત થયું.

છેલ્લા કેટલાક દિવસોથી ખંભાતના અખાતથી લઈને અરબી સમુદ્ર સુધી દરિયો અત્યંત તોફાની બન્યો છે. ઊંચા મોજાં, બદલાતી પવનની દિશા અને સતત બગડતા હવામાનને કારણે દરિયામાં રહેલી નૌકાઓ માટે સલામત રીતે આગળ વધવું મુશ્કેલ બની ગયું હતું. આવા સંજોગોમાં માછીમારી માટે ગયેલી એક બોટ અચાનક તકનીકી ખામીના કારણે નિયંત્રણ ગુમાવી બેઠી. બોટમાં સવાર ૨૪ માછીમારો દરિયાના મધ્યમાં ફસાઈ ગયા. તેમની પાસે મર્યાદિત સાધનો હતા અને તોફાની મોજાં સામે લડવાની શક્તિ પણ ધીમે ધીમે ખૂટી રહી હતી.

મદદ માટેનો સંદેશ મળતાં જ ભારતીય કોસ્ટ ગાર્ડે વિલંબ કર્યા વગર બચાવ અભિયાન શરૂ કર્યું. નિયંત્રણ કેન્દ્રમાંથી સમગ્ર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને તરત જ દરિયામાં પેટ્રોલિંગ કરી રહેલા જહાજોને ઘટનાસ્થળ તરફ મોકલવામાં આવ્યા. સાથે જ હવાઈ બચાવ માટે કોસ્ટ ગાર્ડનું હેલિકોપ્ટર પણ રવાના કરવામાં આવ્યું. સમય સામેની આ સ્પર્ધામાં દરેક ક્ષણ કિંમતી હતી.

દરિયાની ઉપર હેલિકોપ્ટર પહોંચતાં જ બચાવ કામગીરીનો સૌથી પડકારજનક તબક્કો શરૂ થયો. પ્રચંડ પવન વચ્ચે હેલિકોપ્ટરને સ્થિર રાખવું સરળ નહોતું. છતાં અનુભવી પાઈલટોએ અદભૂત કુશળતા બતાવી. હેલિકોપ્ટરમાંથી દોરડા અને વિશેષ બચાવ સાધનોની મદદથી રેસ્ક્યુ કર્મચારીઓને નીચે ઉતારવામાં આવ્યા. ભયથી કંપી રહેલા માછીમારો સુધી પહોંચી તેમને જીવનરક્ષક જેકેટ પહેરાવવામાં આવ્યા અને એક પછી એક સુરક્ષિત રીતે બહાર કાઢવાની કાર્યવાહી શરૂ થઈ.

બીજી તરફ કોસ્ટ ગાર્ડની ઝડપી રેસ્ક્યુ બોટો અને પેટ્રોલ જહાજો પણ મોજાંઓને ચીરીને ઘટનાસ્થળે પહોંચી ગયા. ભારે ઊછળતા મોજાં વચ્ચે બોટને સ્થિર રાખવી પોતે જ એક સાહસિક કામગીરી હતી. બચાવકર્મીઓએ પોતાના જીવની પરવા કર્યા વગર ફસાયેલા માછીમારોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા. કેટલાકને સીધા રેસ્ક્યુ બોટમાં બેસાડવામાં આવ્યા, જ્યારે અન્યને હેલિકોપ્ટરની મદદથી બહાર લાવવામાં આવ્યા. સમગ્ર કામગીરી દરમિયાન દરેક પગલું અત્યંત સાવધાનીથી ભરેલું હતું.

ભારતીય કોસ્ટ ગાર્ડ પાસે આધુનિક સંચાર વ્યવસ્થા, નેવિગેશન ટેકનોલોજી, હવામાન નિરીક્ષણ પ્રણાલી અને ઉચ્ચ કક્ષાની તાલીમ પ્રાપ્ત બચાવ ટુકડીઓ હોવાથી આવી વિકટ પરિસ્થિતિમાં પણ ઝડપથી નિર્ણય લઈ શકાય છે. સમુદ્રમાં બચાવ કામગીરી માત્ર હિંમતનો વિષય નથી; તેમાં ચોક્કસ આયોજન, ટેક્નિકલ કુશળતા અને ટીમ વર્કની પણ એટલી જ જરૂરિયાત હોય છે. "ઓપરેશન સ્ટાર" દરમિયાન આ ત્રણેય બાબતોનું ઉત્તમ સંકલન જોવા મળ્યું.

ગુજરાતનો લગભગ ૧,૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો દેશના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી વિસ્તારોમાંનો એક છે. અહીં હજારો પરિવારોનો જીવનનિર્વાહ માછીમારી પર આધારિત છે. પરંતુ ચોમાસા દરમિયાન હવામાન પળવારમાં બદલાઈ જાય છે. સમુદ્રની ઊંચી લહેરો, તેજ પવન અને ઓછી દૃશ્યતા ઘણી વખત અનુભવી માછીમારોને પણ મુશ્કેલીમાં મૂકી દે છે. તેથી હવામાન વિભાગની ચેતવણીઓનું પાલન કરવું અને સલામતીના તમામ નિયમોનું પાલન કરવું અત્યંત જરૂરી બની જાય છે.


બચાવ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી તમામ ૨૪ માછીમારોને સુરક્ષિત રીતે કિનારે લાવવામાં આવ્યા. પોતાના સ્વજનોને જીવતા જોઈ તેમના પરિવારજનોની આંખોમાં આનંદના આંસુ છલકાઈ ઊઠ્યા. અનેક કલાકોથી ચાલતી ચિંતા એક જ ક્ષણમાં રાહતમાં ફેરવાઈ ગઈ. આ દૃશ્ય માત્ર એક સફળ રેસ્ક્યુ નહીં, પરંતુ માનવતા, ફરજનિષ્ઠા અને સેવા ભાવનાનું જીવંત પ્રતિક હતું.

ભારતીય કોસ્ટ ગાર્ડ માત્ર દેશની સમુદ્રી સરહદોની સુરક્ષા જ નથી કરતી, પરંતુ દરિયામાં મુશ્કેલીમાં મુકાયેલા માછીમારો, વેપારી જહાજો અને અન્ય નાગરિકોના જીવન બચાવવામાં પણ સતત મહત્વની ભૂમિકા ભજવે છે. દરિયાઈ પ્રદૂષણ રોકવાથી લઈને શોધ અને બચાવ અભિયાન સુધી તેની કામગીરી અત્યંત વ્યાપક છે. દરેક સફળ બચાવ અભિયાન હજારો પરિવારોમાં વિશ્વાસ જગાવે છે કે સંકટની ઘડીએ દેશની સુરક્ષા એજન્સીઓ તેમની સાથે મજબૂતીથી ઊભી છે.

"ઓપરેશન સ્ટાર" એ ફરી એકવાર સાબિત કર્યું છે કે ભલે સમુદ્ર કેટલો પણ પ્રચંડ કેમ ન હોય, તાલીમ, ટેકનોલોજી અને અડગ મનોબળ સામે કુદરતી પડકારો પણ નમતા હોય છે. તોફાની મોજાં વચ્ચે જીવ બચાવવા દોડી આવેલા ભારતીય કોસ્ટ ગાર્ડના જવાનોનું આ શૌર્ય અને સમર્પણ દેશ માટે ગૌરવની બાબત છે. દરિયામાં જીવનની લડાઈ લડતા માછીમારો માટે તેઓ માત્ર બચાવકર્મી નથી, પરંતુ મુશ્કેલીની ઘડીએ આશાની સૌથી વિશ્વસનીય કિરણ છે.

**છેલ્લા એક સપ્તાહથી ગુજરાતમાં ભારે વરસાદ પડી રહ્યો છે દરિયામાં પણ ભયાનક મોજા ઉછળી રહ્યા છે આવા સંજોગોમાં ગુજરાતના માછીમારો દરિયામાં ફસાયા છે. એનું રેસ્ક્યુ કરી તેને બચાવી લેવાયા**

## શબ્દ સંજોગ-૨૨૩૦



**આડી ચાવી :**
(૧) ...... ની સગાઈ(૨)
(૨) ઘરનું સામાન્ય કામકાજ (૪)
(૫) વરસ,સાલ (૨)
(૬) બળવો, હુલ્લડ (૨)
(૭) સત્તા આગળ આ નકામું(૪)
(૮) પેટનું પડખું (૨)
(૧૦) સાવકી મા (૪)
(૧૨) તાબે, શરણે(૨)
(૧૩) જર...... ને જોરુ આ ત્રણ કજીયાના છોરુ (૩)
(૧૫) તમારું..... કેટલું છે ? ખબર છે ?(૨)
(૧૭) તરતનું, શરૂનું (૨)
(૧૮) પ્રસંગ, ઘટના (૩)
(૧૯) સમય,વખત (૨)
(૨૦) " મેરે દો અનમોલ......"(૩)
(૨૩) ટુંકી નોંધ (૩)
(૨૫) તરફદારી, પક્ષ(૪)
(૨૬) પંખીઓનો મધુર ધ્વનિ(૪)

**ઉભી ચાવી :**
(૧) લોકો દ્વારા ચાલતું રાજ્ય (૪)
(૨) સામસામી અથડામણ(૩)
(૩) થોડું ઘણું કાપવું - ઘટાડવું તે (૪)
(૪) આજકાલ...... ના કિસ્સા વધી જવા પામ્યા છે (૩)
(૫) વાયર, ઉપયોગ (૪)
(૯)ત્વચાનો એક રોગ (૪)
(૧૦) દેવતા, અગ્નિદેવ (૨)
(૧૧) " તમારી માતાના પિતાના પુત્રની પત્ની" (૨)
(૧૨) કૃષ્ણ પક્ષ (૨)
(૧૪) મૂળ ઉપરથી ઉતારેલું લખાણ(૩)
(૧૫) સૌએ નિયમિત કરવી જોઈએ (૪)
(૧૬) દબાણ, આગ્રહ (૨)
(૧૭) શેરના આઠમા ભાગ જેટલું વજન (૪)
(૧૯) 'કારણ' થયું આડું-અવળું (૩)
(૨૧) રસકસથી ભરેલું, તાજું (૨)
(૨૨) આજે ઓછે..... ધંધો કરવા માટે કોઈ તૈયાર થતું નથી(૨)
(૨૪) એક ચોઘડિયું (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૯ જવાબ

**આડી ચાવી:** (૧) માણારાજ (૪) ચંપો (૭) મશક (૯) લાવરી(૧૧) ગમાણ (૧૩) દલખ (દખલ) (૧૪) સાવજ (૧૬) ઈડર (૧૮) તનય (૧૯) મા (૨૦) બળ (૨૨) નેતર (૨૫) સમય (૨૭) રમ (૨૮) પાદરી (૩૦) રામ (૩૧) સરોદ (૩૨) મલમલ **ઉભી ચાવી:** (૧) માતંગ (૨) રામણ (૩) જશ (૫) પોલાદ (૬) તારીખ (૮) કરવત (૧૦) વલય (૧૨) માર્તંડ (૧૫) જનન (૧૬) ઈજનેર (૧૭) રબર (૨૧) રામરામ (૨૩) તમસ (૨૪) સ્વાદ (૨૬) યમલ (૨૮) પાદ (૨૯) રીમ

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૯૨૪ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૯૨ |
| જુવાર સફેદ | ૧૦૬૧ | ૧૨૦૮ |
| જુવાર લાલ | ૧૦૮૦ | ૧૩૩૪ |
| જુવાર પીળી | ૪૪૧ | ૫૦૦ |
| બાજરી | ૩૫૧ | ૪૮૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૯૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૧૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૧૮૪ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૪૪ |
| અડદ | ૧૪૯૬ | ૧૮૬૬ |
| મગ | ૧૧૦૦ | ૧૭૪૦ |
| વાલ દેશી | ૬૫૦ | ૮૩૦ |
| ચોળી | ૯૮૦ | ૧૫૯૯ |
| વટાણા | ૪૦૦ | ૯૨૩ |
| કળથી | ૪૭૫ | ૬૫૦ |
| રાજમા | ૧૦૧૨ | ૧૭૪૫ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૩૦૦ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૧૧૫ | ૧૫૩૦ |
| અળશી | ૧૬૭૫ | ૧૬૭૫ |
| તલી | ૨૨૮૦ | ૨૬૧૫ |
| સુરજમુખી | ૧૧૦૦ | ૧૩૯૦ |
| એરંડા | ૧૨૧૫ | ૧૩૮૮ |
| અજમો | ૨૧૧૦ | ૩૧૨૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૫૧૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૭૪૦ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૭૨૫ |
| કાળા તલ | ૨૧૭૫ | ૩૮૦૦ |
| લસણ | ૧૧૪૧ | ૨૫૮૦ |
| ધાણા | ૨૪૪૫ | ૩૦૦૫ |
| ધાણી | ૨૫૧૧ | ૩૦૩૩ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૦૬૮ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૦૧૦ |
| રાય | ૧૩૫૦ | ૧૭૮૦ |
| મેથી | ૯૩૦ | ૧૯૦૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૨૧૪૩ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૨૧૦ | ૧૪૩૦ |
| રજકાનું બી | ૮૫૦૦ | ૧૧૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૬૧ | ૯૨૪ |
| પપૈયા | ૧૨૧ | ૨૫૨ |
| બટેટા | ૮૫ | ૨૯૪ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૯૧ |
| ટમેટા | ૪૭૭ | ૭૨૬ |
| સુરણ | ૮ ૦૩ | ૯૯૪ |
| કોથમરી | ૧૬૭૮ | ૨૨૨૫ |
| રીંગણા | ૬૯ | ૨૨૯ |
| કોબીજ | ૧૭૭ | ૩૮૭ |
| ફ્લાવર | ૩૮૮ | ૭૧૨ |
| ભીંડો | ૪૯૨ | ૮૦૧ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૪૨૬ | ૧૪૧૨ |
| ચોળાસીંગ | ૬૨૮ | ૯૨૭ |
| ટીંડોળા | ૩૨૪ | ૬૩૩ |
| દુધી | ૨૪૪ | ૪૮૮ |
| કારેલા | ૩૫૭ | ૭૬૪ |
| સરગવો | ૫૧૯ | ૧૦૮૭ |
| તુરીયા | ૫૨૬ | ૮૨૧ |
| પરવર | ૫૧૮ | ૭૨૩ |
| કાકડી | ૩૧૩ | ૬૯૨ |
| ગાજર | ૩૯૬ | ૫૭૨ |
| વટાણા | ૧૪૩૮ | ૨૦૬૨ |
| ગલકા | ૨૭૩ | ૫૬૨ |
| બીટ | ૩૫૪ | ૫૬૧ |
| મેથી | ૧૫૯૪ | ૨૦૨૮ |
| ડુંગળી લીલી | ૧૧૨૬ | ૧૬૩૭ |
| આદુ | ૨૪૨૨ | ૩૪૦૩ |
| મરચા લીલા | ૬૧૫ | ૮૩૪ |
| મકાઇ લીલી | ૨૧૧ | ૪૨૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૭૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૦૬ |
| મગફળી જીણી | ૧૨૦૧ | ૧૬૩૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૬૭૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૪૧૧ |
| તલ કાળા | ૧૯૭૬ | ૩૭૦૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૮૧ |
| ક્લંજી | ૧૫૦૦ | ૩૪૯૧ |
| ધાણા | ૨૬૦૧ | ૩૦૬૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૬૧૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૧૬ |
| અડદ | ૯૦૦ | ૧૮૪૧ |
| તુવેર | ૯૦૦ | ૧૫૦૧ |
| રાજગરો | ૧૩૭૬ | ૧૩૭૬ |
| રાયડો | ૧૧૫૧ | ૧૩૫૧ |
| રાય | ૧૫૭૧ | ૧૬૫૧ |
| મેથી | ૫૫૧ | ૧૪૫૧ |
| સુવાદાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| કાંગ | ૩૦૦ | ૬૬૧ |
| ગુવાર બી | ૪૨૧ | ૪૨૧ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૫૬૬ |
| સફેદ ચણા | ૧૦૮૧ | ૧૭૯૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૬૪૧ |
| ધાણી | ૨૯૪૧ | ૩૦૮૧ |
| બાજરો | ૨૩૧ | ૪૯૧ |
| જુવાર | ૮૭૬ | ૧૧૬૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૭૧ |
| મગ | ૧૨૫૧ | ૧૭૭૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૯૧ |
| વાલ | ૩૧૧ | ૯૪૧ |
| ચોળા / ચોળી | ૪૫૧ | ૧૩૫૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૭૦૧ |
| રજકાનું બી | ૮૮૦૧ | ૮૮૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૨૧ |

| | | |
|---|---|---|
| વટાણા | ૩૦૦ | ૯૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૮૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૬૦ | ૪૪૦ |
| ગાજર | ૪૪૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર પુરા | ૭ | ૯ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૪૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૯ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૦૦ |
| શિંગદાણા | ૧૬૦૦ | ૨૦૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૮૬૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૭૪૦ |
| તલ કાળા | ૨૨૫૦ | ૪૦૦૦ |
| તલ કાશમીરી | ૨૩૭૫ | ૨૫૨૫ |
| બાજરો | ૪૫૦ | ૫૦૫ |
| જુવાર | ૧૧૦૦ | ૧૧૫૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૫ |
| મગ | ૮૦૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૫૨૫ | ૧૬૪૦ |
| ચણા | ૯૨૦ | ૧૧૮૫ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૦૯૦ |
| છોલે ચણા | ૮૮૦ | ૧૫૧૦ |
| તુવેર | ૯૯૦ | ૧૪૨૦ |
| કપાસ | ૧૦૭૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૮૧૦ |
| ધાણી | ૨૫૦૦ | ૩૦૦૫ |
| અજમા | ૨૦૨૦ | ૨૪૩૦ |
| મેથી | ૯૦૦ | ૧૪૦૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૧૨૫૫ | ૧૬૧૦ |
| રજકાનું બી | ૯૨૦૦ | ૯૨૦૦ |
| સુવાદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સુર્યમુખી | ૩૪૦ | ૩૪૦ |
| કલોંજી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૧૦ | ૩૨૦ |
| ફ્લાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૪૧૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૮૫૦ |
| સુરણ | ૮૨૦ | ૯૩૦ |
| ગાજર | ૫૨૦ | ૬૦૦ |
| દુધી | ૨૫૦ | ૩૫૦ |
| કારેલા | ૭૨૦ | ૮૨૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૯૨૦ | ૧૩૩૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૨૮૦૦ | ૩૪૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૯૦ | ૪૮૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૧૦ | ૧૦૨૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| લીબુ | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૭૦ |
| શીંગ દાણા | ૧૯૦૦ | ૨૫૦૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૫૩ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૮૦૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૬૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| રાય/રાયડો | ૧૬૦૦ | ---- |
| ધાણા | ૨૬૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૫૦૦ | ૧૬૮૦ |

| | | |
|---|---|---|
| **ધારી** | | |
| મગફળી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૧૪૦ |
| મગ | ૧૩૨૫ | ૧૫૧૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૯૨૫ |
| સોયાબીન | ૧૩૭૫ | ૧૩૭૫ |
| **બગસરા** | | |
| ઘઉ લોકવન | ૪૫૧ | ૪૯૧ |
| જુવાર | ૭૭૫ | ૧૧૦૦ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૨૨ |
| શીંગદાણા | ૧૫૭૫ | ૧૮૯૧ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૫૨૫ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૨૦ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૨૧૪૦ | ૨૪૪૫ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૬૨૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૧૪૫ |
| ઘઉં | ૪૮૧ | ૫૨૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૧૦ |
| ઘઉં | ૪૧૦ | ૫૦૪ |
| મગ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૪૬ |
| તુવેર | ૭૦૦ | ૧૪૮૦ |
| મગફળી | ૮૫૦ | ૧૨૪૦ |
| શિંગ ફાડા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૬૧૦ |
| રાય | ૮૫૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૪૧૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૧૧ | ૧૩૨૦ |
| જુવાર | ૩૪૨ | ૧૧૬૬ |
| બાજરી | ૪૩૧ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૨૭ | ૫૯૭ |
| અડદ | ૧૭૩૮ | ૧૭૫૩ |
| મગ | ૧૦૦૧ | ૧૭૦૫ |
| મેથી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૪૨ |
| તલ સફેદ | ૧૯૨૫ | ૨૬૭૨ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૭૭૪ |
| તુવેર | ૮૦૦ | ૧૨૧૫ |
| ડુંગળી લાલ | ૧૨૦ | ૫૫૦ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૫૦૨ |
| નાળીયેર | ૪૦૬ | ૨૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૪૦ | ૫૩૩ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૦ |
| રાય | ૧૨૫૦ | ૧૫૩૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| જુવાર | ૯૫૦ | ૧૧૩૧ |
| અડદ | ૧૮૪૦ | ૧૯૨૫ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૬૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૫૧૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૪૦૫૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૯૫ |
| ધાણા | ૨૪૦૦ | ૨૮૪૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૩૮૦ |
| મગ | ૧૨૫૦ | ૧૭૯૮ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૫ | ૧૧૩૦ |
| બાજરો | ૩૬૦ | ૪૩૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૧ |
| મગ | ૧૨૦૦ | ૧૨૨૫ |
| અડદ | ૭૩૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૧૪૦૦ | ૧૪૫૦ |
| વાલ | ૧૫૦૦ | ૧૮૨૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૯૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૦૮૦ | ૧૩૫૭ |
| તલ | ૨૧૪૦ | ૨૬૪૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૮૫૦ | ૧૩૮૫ |
| લસણ | ૮૦૦ | ૨૮૦૫ |
| કપાસ | ૧૨૭૦ | ૧૬૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૦ |
| અજમો | ૨૫૬૫ | ૨૯૩૦ |
| અજમા ની ભૂસી | ૨૦ | ૨૪૬૫ |
| ધાણા | ૨૧૯૦ | ૩૦૧૫ |
| ડુંગળી સૂકી | ૧૫૦ | ૬૧૫ |
| વટાણા | ૫૧૫ | ૭૧૫ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૪૭૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૦૦ |
| મઠ | ૮૦૦ | ૯૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૦૨ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૫૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૧૮ |
| બાજરો | ૪૭૧ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૨૮ |
| જુવાર | ૭૫૦ | ૧૨૦૫ |
| મગ | ૧૫૨૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૫ |
| ધાણા | ૨૩૫૦ | ૨૭૦૦ |
| મેથી | ૧૧૧૧ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૭૮૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઢસાની વિદ્યુત બોર્ડ સહકારી મંડળીએ ટીબીની સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂ. ૫૧,૦૦૦નું દાન આપ્યું

**મંડળીના હોદ્દેદારોએ હોસ્પિટલના ટ્રસ્ટીને ચેક અર્પણ કર્યો**



ઢસા,તા.૧૦

ઢસાગામ સ્થિત વિદ્યુત બોર્ડ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના કમિટી સભ્યો સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત થયા છે. હોસ્પિટલમાં ચાલતી દર્દીનારાયણની સારવારમાં સહભાગી થવાના શુભ આશય સાથે મંડળીના પ્રમુખ જે.બી. દેવમુરારી, મંત્રી આર.એલ. રોકિયા અને વ્યવસ્થાપક કમિટી સભ્યો દ્વારા હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરાને રૂા. ૫૧,૦૦૦/- નો ચેક અનુદાનરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળીના હોદ્દેદારોને સદ્ગુરુદેવ લિખીત પુસ્તક 'જીજ્ઞાસુ પિયુષ' અને શાલ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. હોસ્પિટલના ટ્રસ્ટીમંડળે આ ઉમદા આર્થિક સહયોગ બદલ મંડળી અને તેના તમામ કમિટી સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# રાજ્યમાં ૧૫ બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત, ૨૮ જુલાઈએ મતદાન, ૩૦મીએ પરિણામ

**મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ખાલી બેઠકો પર ચૂંટણી**



ગાંધીનગર,તા.૧૦

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે વિવિધ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ખાલી પડેલી ૧૫ બેઠકો માટે પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ ચૂંટણી અંતર્ગત જુનાગઢ મહાનગરપાલિકાની એક બેઠક, દેવગઢ બારિયા અને વિસનગર નગરપાલિકાની કુલ ૭ બેઠકો, આણંદ જિલ્લા પંચાયતની એક બેઠક તેમજ વિવિધ તાલુકા પંચાયતોની ૬ બેઠકો પર મતદાન યોજાશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૪ જુલાઈ રાખવામાં આવી છે, જ્યારે ચકાસણી ૧૫ જુલાઈએ થશે. ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા ૧૬ અને ૧૭ જુલાઈએ પૂર્ણ થશે. ત્યારબાદ ૨૮ જુલાઈના રોજ મતદાન યોજાશે અને ૩૦ જુલાઈએ મતગણતરી સાથે પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થતાં જ સંબંધિત વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. રાજ્ય ચૂંટણી આયોગે નિષ્પક્ષ, પારદર્શક અને શાંતિપૂર્ણ મતદાન માટે જરૂરી સુરક્ષા અને વહીવટી તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# સુરત નાસિરનગર ડિમોલિશન કેસમાં સસ્પેન્ડ એન્જિનિયર હાઈકોર્ટ પહોંચ્યા

અમદાવાદ,તા.૧૦

સુરતના ચર્ચિત નાસિરનગર ડિમોલિશન કેસમાં સસ્પેન્ડ કરાયેલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુઝલ પ્રજાપતિએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી પોતાના સસ્પેન્શનને પડકાર્યો છે. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન મારફતે તેમણે દાવો કર્યો છે કે તેઓએ માત્ર ઉચ્ચ અધિકારીઓના આદેશોનું પાલન કર્યું હતું અને તેમને અન્યાયપૂર્વક જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. અરજી સાથે તેમણે વોટ્સએપ ચેટ અને અન્ય ડિજિટલ પુરાવા રજૂ કર્યા છે. તેમના જણાવ્યા મુજબ ૨૧ મે, ૨૦૨૬ના રોજ મ્યુનિસિપલ કમિશનર તરફથી દબાણ દૂર કરવાની સૂચના આપવામાં આવી હતી. પ્રજાપતિએ આંતરિક તપાસને પૂર્વગ્રહયુક્ત અને એકતરફી ગણાવી છે. બીજી તરફ મ્યુનિસિપલ કમિશનરે કોઈ વિશેષ આદેશ આપ્યો ન હોવાનું જણાવ્યું છે. હવે સમગ્ર મામલે હાઈકોર્ટના આગામી નિર્ણય પર સૌની નજર છે.

# માધવપ્રિયદાસજી સ્વામીએ અમેરિકાના ફોનિક્સ રાજ્યના ખ્યાતનામ ડોકટરોની મુલાકાત લીધી

**અમેરિકાના એરિઝોના રાજ્યમાં લોવેલ ઓબ્ઝર્વેટરીની મુલાકાત લીધી**



અમરેલી,તા.૧૦

છારોડી ગુરૂકુળના માધવપ્રિયદાસજી સ્વામીએ અમેરિકાના ફોનિક્સ રાજ્યના પ્રખ્યાત ડોકટરો તુષાર ગોહેલ, રવિ પીઠડિયા, મહેશ પટેલ અને પાર્થ વગેરે સાથે અમેરિકાના એરિઝોના રાજ્યમાં લોવેલ ઓબ્ઝર્વેટરીની મુલાકાત લીધી હતી. સ્વામીએ મોટા ટેલિસ્કોપ દ્વારા અભિજીત નક્ષત્રને જોઈને શરીર રોમાંચિત થઈ ગયું. અહીંના વિશાળ પ્રદર્શન હોલમાં વિશાળ સ્ક્રીન પર સમગ્ર બ્રહ્માંડની મુલાકાત લેવાનો આનંદ કંઈક અલગ જ હતો. અહીંના ત્રણ સિધ્ધાંતો હંમેશા યાદ રહેશે જેમાં આપણે કોસ્મોસના નાગરિક છીએ, આપણે તારાઓનો સમૂહ છીએ અને આપણે બ્રહ્માંડમાં છીએ, આપણી અંદર બ્રહ્માંડ છે. આપણા ઋષિઓએ હજારો વર્ષ પહેલાં કહ્યું હતું, "પિંડે સો બ્રહ્માંડ" (શરીર બ્રહ્માંડ છે), આજે વિજ્ઞાને આ સાબિત કર્યું છે.

# વડોદરામાં સગીરાના અપહરણ, દુષ્કર્મ અને ખંડણીના કેસમાં આરોપી ફરાર

વડોદરા,તા.૧૦

વડોદરાના અકોટા વિસ્તારમાં સગીરાના અપહરણ, દુષ્કર્મ અને ખંડણીનો ગંભીર મામલો સામે આવ્યો છે. રાજસ્થાનના અજમેરની રહેવાસી સગીરાને વડોદરા લાવી તેની સાથે અનેક વખત દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો આરોપ છે. આ મામલે સલીમ ઉર્ફે સૈયદ સૈલાબ સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ આરોપીએ સગીરાને પરત મોકલવાના બદલામાં તેની માતા પાસેથી એક લાખ રૂપિયાની ખંડણી માગી હતી. ઉપરાંત દાગીના અને મોબાઈલ વેચી નાખ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. વડોદરા પોલીસના જણાવ્યા અનુસાર શરૂઆતમાં અજમેરમાં ફરિયાદ નોંધાઈ હતી, પરંતુ ઘટનાનો મુખ્ય વિસ્તાર અકોટા પોલીસ મથક હેઠળ આવતો હોવાથી અહીં તપાસ શરૂ કરાઈ છે. પોલીસે સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢી છે અને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે વિશેષ ટીમો રચી તપાસ તેજ કરી છે.

# કારગીલ વિજય દિવસ નિમિત્તે જય જવાન નાગરિક સમિતિ દ્વારા ગુજરાતમાં ૨૯ વીર પરિવારોનું સન્માન કરાશે



સુરત, તા.૧૦

૧૯૯૯ના કારગીલ યુધ્ધ સમયથી કાર્યરત સુરતની 'જય જવાન નાગરિક સમિતિ' દ્વારા છેલ્લા ૨૬ વર્ષથી શહીદ જવાનોના પરિવારોને આર્થિક સહાય આપવામાં આવે છે. આગામી કારગીલ વિજય દિવસ નિમિત્તે ગુજરાતના પાંચ શહેરોમાં 'સમર્પણ ગૌરવ સમારોહ' યોજાશે, જેમાં વર્ષ ૨૦૨૫-૨૬માં વીરગતિ પામેલા ૨૯ વીર જવાનોના પરિવારોને કુલ રૂ.૫૮ લાખની સહાય અર્પણ કરાશે. સમિતિ દ્વારા અત્યાર સુધીમાં ૪૬૪ પરિવારોને રૂ.૭.૩૦ કરોડની સહાય અપાઈ ચૂકી છે. આ અંતર્ગત જુલાઈ મહિનામાં અમદાવાદ (નિકોલ) ખાતે ૫ જવાનોને, ભાવનગરમાં ૩ જવાનોને, રાજકોટમાં ૫ જવાનોને (કુલ રૂ.૧૭.૫૦ લાખ) તેમજ વિસનગરમાં ૫ જવાનોના પરિવારોને રૂ.૨-૨ લાખની સહાય અર્પણ થશે. જ્યારે સુરતમાં મુખ્ય કાર્યક્રમ યોજાશે અને અન્ય ૭ જવાનોના વતન જઈને સમિતિની ટીમો દ્વારા સન્માન સહિત સહાય પૂરી પાડવામાં આવશે.

# ડૉ. પ્રવિણભાઈ તોગડીયાના અધ્યક્ષ સ્થાને સાયલા ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક મળશે



અમરેલી,તા.૧૦

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ, કિસાન પરિષદ અને મહિલા પરિષદ સહિતના વિવિધ આયામોની સૌરાષ્ટ્ર પ્રાંતની અગત્યની બેઠક ડૉ. પ્રવિણભાઈ તોગડીયાના અધ્યક્ષ સ્થાને ૧૧ અને ૧૨ જુલાઈના રોજ સાયલા ખાતે લાલાજી મહારાજની જગ્યા પર મળશે. આ બેઠકમાં રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ અને ગુજરાત પ્રદેશ પ્રમુખ પણ ઉપસ્થિત રહેશે, જેમાં આસામના ગોવાહાટી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય અધિવેશનની વિસ્તૃત માહિતી અપાશે. આ તકે અધિવેશનમાં ઘોષિત થયેલા પ્રદેશ અને સૌરાષ્ટ્ર પ્રાંતના વિવિધ પદાધિકારીઓ જેવા કે ડૉ. ગજેરા, નિર્મળભાઈ ખુમાણ, બકુલભાઈ ખાખી, શશીકાંતભાઈ પટેલ, વસંતભાઈ પટેલ અને ચંદ્રિકાબેન મહેતાનો સન્માન સમારોહ યોજાશે. આ ઉપરાંત, આગામી દિવસોમાં અખંડ ભારત જન સંપર્ક અભિયાન શરૂ કરવા તેમજ જન્માષ્ટમી પર્વ, ગણેશ ઉત્સવ, કન્યા પૂજન, ત્રિશૂળ દીક્ષા અને હનુમાન ચાલીસા કેન્દ્ર જેવા વિવિધ ધાર્મિક અને સામાજિક આયોજનોની ઉજવણી અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

# કોડીનારમાં શાળાના રસ્તે વરસાદી પાણી ભરાતા લોકોને હાલાકી



કોડીનાર,તા.૧૦

કોડીનારમાં આવેલી કુમાર અને કન્યા શાળા (પાંજરાપોળ) તરફ જવાના મુખ્ય રસ્તા પર ભારે વરસાદના કારણે ગોઠણસમા પાણી ભરાઈ જવાની ઘટના સામે આવી હતી. રસ્તા પર પાણી ફરી વળવાના કારણે શાળાએ આવતા નાના-મોટા વિદ્યાર્થીઓ, સવારના સમયે બાળકોને મુકવા આવતા વાલીઓ તેમજ શાળાના શૈક્ષણિક સ્ટાફને પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ગંભીર સમસ્યા અંગેની જાણ થતાં જ કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી તાત્કાલિક સ્થળ પર રૂબરૂ મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. નગરપાલિકા ઉપપ્રમુખે ત્યાં હાજર રહીને તાબડતોબ જરૂરી કામગીરી શરૂ કરાવી હતી.

# બાળ જાતીય શોષણની જાણ ન કરવી પણ ગુનો : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે બાળકના જાતીય શોષણની માહિતી મળ્યા બાદ તેની જાણ ન કરવી પણ ગુનો ગણાય છે. કોર્ટે જણાવ્યું કે શાળા કે અન્ય સંસ્થાના અધિકારીઓને આવી ફરિયાદ મળે તો તેઓ પોતે તપાસ કરીને મામલો દબાવી શકતા નથી. પોક્સો કાયદાની કલમ ૧૯ મુજબ ઘટનાની જાણ કરવી ફરજિયાત છે અને તેમાં નિષ્ફળતા કલમ ૨૧ હેઠળ દંડનીય છે. કેસમાં આઠ વર્ષની બાળકી પર થયેલા જાતીય શોષણની ફરિયાદ મુખ્ય શિક્ષિકાએ પોલીસને જાણ કર્યા વિના પોતે તપાસી હતી. બાદમાં ઘટનાને નકારી દેતાં મામલો દબાવવાનો આરોપ લાગ્યો હતો. પીડિતાની માતાની અપીલ પર સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવી મુખ્ય શિક્ષિકાને રાહત આપવાનો ઈનકાર કર્યો છે.

# જૂનાગઢમાં કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ



જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢ ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં વિકાસ કાર્યોની મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે તમામ સરકારી વિભાગોને ગુણવત્તાસભર અને પારદર્શક કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું કે સરકાર વર્ષ ૨૦૨૭ સુધીમાં કેશોદ એરપોર્ટ પર એરબસ અને કાર્ગો ફ્લાઈટ શરૂ કરવા માટે કટિબધ્ધ છે. આ ઉપરાંત, તાજેતરમાં ભારે વરસાદને કારણે જૂનાગઢ અને ઘેડ પંથકમાં થયેલા નુકસાનની વિગતો મેળવીને તેમણે ડિઝાસ્ટર મેનેજમેન્ટને સતત એલર્ટ રહેવા સૂચના આપી હતી. ખેડૂતો અને સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે ત્વરિત બચાવ અને રાહત કામગીરી સુનિશ્ચિત કરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણકેસ-નં.૨૦૧/૨૦૨૬

પ્રતિ,
બેનાબેન ચીથરભાઈ સોલંકી,
રહે.ધારાબંદર, ગામ-જાફરાબાદ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, કે.કે.ગોહેલ, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના જાફરાબાદ ગામના રહીશ બેનાબેન ચીથરભાઈ સોલંકીના પતિ ચીથરભાઈ લાખાભાઈ સોલંકી નું મરણ તારીખ : **13/02/2013** ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ ઉના તાલુકાના સૈયદ રાજપરાના સને-**2012** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના


# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના ૧૬૭મા વિચારોના વાવેતર કાર્યક્રમમાં તંદુરસ્તી અંગે અપાયું માર્ગદર્શન




સુરત,તા.૧૦

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૬૭મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા કાનજીભાઈ ભાલાળાએ જીવનશૈલીને તંદુરસ્તીનો આધાર ગણાવી, ૧૦૦ વર્ષથી વધુ જીવનારા લોકોના સર્વેના આધારે 'દીર્ઘાયુનું મેઘધનુષ' અંતર્ગત વહેલા સુવું-ઉઠવું, સાદુ ભોજન અને ચિંતામુક્ત રહેવા જેવી ૭ સારી ટેવો વિશે માહિતી આપી હતી.કાર્યક્રમમાં 'સ્ટીલમેન ઓફ ઈન્ડિયા' અને ફીટ ઈન્ડિયાના બ્રાંડ એમ્બેસેડર વિસ્ફી ખરાદીનું અભિવાદન કરાયું હતું. તેમણે તંદુરસ્તી માટે કસરત, શુધ્ધ આહાર અને નિયમિતતાનું મહત્વ સમજાવ્યું હતું.અંતમાં, સ્પીડ સ્કેટીંગમાં ૪૦થી વધુ મેડલ મેળવનાર ખેલાડી જીશાંત દેવાણી તથા CA ફાઈનલ પાસ કરનાર કૃતિક શિંગાળા, પાર્થ રાજાણી અને યાજ્ઞિક માંગુકિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સ્નેહલ પટેલ અને બાબુભાઈ શેલડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણકેસ-નં.૧૯૭/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી રોશનબેન વા/ઓ સબ્બીરભાઈ સોઢા,
રહે.સાપર વાડ, નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી, નવાબંદર
ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ સબ્બીરભાઈ સોઢા તથા રોશન સબ્બીરભાઈ સોઢાના પુત્રી નજમા સબ્બીરભાઈ સોઢાનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૯૭ ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તાલુકો-ઉના સને-૧૯૯૭ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.


આજ તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે.ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# પં. બંગાળની ખાડીમાં ૧૫ માછીમારો સાથેનું ટ્રોલર ગુમ થતા પરિવારોમાં શોક

કોલકત્તા,તા.૧૦



બંગાળની ખાડીમાં ખરાબ હવામાન અને ઊંચા મોજાના કારણે ૧૫ માછીમારો સાથેનું 'મા કાલી' નામનું ટ્રોલર ગુમ થયું છે. આ ટ્રોલર ૨ જુલાઈના રોજ પશ્ચિમ બંગાળના શંકરપુર બંદરેથી નીકળ્યું હતું, જે દરિયામાં સર્જાયેલા ઓછા દબાણના તોફાનમાં ફસાયું છે. ગુમ થયેલા લોકોમાં ઓડિશાના બાલાસોર જિલ્લાના ૩ અને પશ્ચિમ બંગાળના ૧૨ માછીમારો સામેલ છે. ઓડિશાના માછીમારોની ઓળખ રવિન્દ્ર, જગન્નાથ અને જયરામ માઝી તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ફિશરમેન એસોસિએશને પોલીસ અને વહીવટીતંત્રને જાણ કરી છે. સાંસદ અને ધારાસભ્ય સહિત ઉચ્ચ સ્તરે રજૂઆતો કરીને નૌકાદળ તેમજ હેલિકોપ્ટરની મદદથી સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે.

હાલમાં બચાવ કામગીરી ચાલુ છે, પરંતુ હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. ચિંતાતુર પરિવારો વહેલી તકે તેમના સભ્યો સુરક્ષિત પાછા ફરે તેની રાહ જોઈ રહ્યા છે.

# બાગાયત ક્ષેત્રે ગુજરાતને રાષ્ટ્રીય ગૌરવ મળ્યું, એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ-૨૦૨૬ એનાયત

નવીદિલ્હી,તા.૧૦



નવી દિલ્હીમાં યોજાયેલા ૧૭મા એગ્રીકલ્ચર લીડરશીપ કોન્ક્લેવ-૨૦૨૬ દરમિયાન બાગાયત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને પ્રતિષ્ઠિત "એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ-૨૦૨૬" એનાયત કરવામાં આવ્યો છે. કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બગડેના હસ્તે આ સન્માન આપવામાં આવ્યું હતું, જે ગુજરાત વતી કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ સ્વીકાર્યું હતું. કૃષિ મંત્રીએ જણાવ્યું કે રાજ્યમાં બાગાયત ક્ષેત્રે થયેલા નવાચાર, આધુનિક ખેતી પધ્ધતિઓ અને ખેડૂતોના પરિશ્રમના પરિણામે આ સિધ્ધિ પ્રાપ્ત થઈ છે. તેમણે આ એવોર્ડ ગુજરાતના અન્નદાતાઓ અને કૃષિ વિભાગની ટીમને સમર્પિત કર્યો હતો. અગાઉ પણ ગુજરાતને શ્રેષ્ઠ કૃષિ રાજ્ય અને પશુપાલન ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું છે. સાત વર્ષ બાદ ફરી મળેલું આ ગૌરવ રાજ્યની કૃષિ વિકાસયાત્રામાં મહત્વપૂર્ણ સિધ્ધિ માનવામાં આવી રહ્યું છે. સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ ગુજરાતની કૃષિ નીતિઓ અને વિકાસ મોડેલની પ્રશંસા કરી હતી.

# મને ચૂપ કરવા માટે મારી નાખવી પડશે : મમતા બેનર્જી

કોલકત્તા,તા.૧૦

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક વીડિયો સંદેશ દ્વારા ભાજપ પર ટીએમસી (TMC) નેતાઓ અને કાર્યકરોને નિશાન બનાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે ખુલ્લી ચેલેન્જ આપતા કહ્યું કે પક્ષને ખતમ કરવા માટે ભાજપે પહેલા તેમને મારી નાખવા પડશે. મમતા બેનર્જીએ મહુઆ મોઈત્રા અને અભિષેક બેનર્જી જેવા વરિષ્ઠ નેતાઓ પરના હુમલાનો ઉલ્લેખ કર્યો અને દાવો કર્યો કે જેલમાં તેમના સાથીદારો સાથે અમાનવીય વર્તન થઈ રહ્યું છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટીએમસી આંતરિક બળવા અને વિભાજનનો સામનો કરી રહી છે. પક્ષના ત્રણ પૂર્વ સાંસદો તાજેતરમાં જ ભાજપમાં જોડાયા છે. મમતા બેનર્જીએ આ બળવાખોર નેતાઓને 'દેશદ્રોહી' ગણાવી જનતાને તેમને ક્યારેય માફ ન કરવા અપીલ કરી છે.

# સુપ્રીમ કોર્ટમાં અરજદારે મચાવ્યો હોબાળો, સીજેઆઈ સામે અપશબ્દો બોલતા અટકાયત

નવીદિલ્હી,તા.૧૦



સુપ્રીમ કોર્ટમાં શુક્રવારે સુનાવણી દરમિયાન એક અરજદારે અચાનક હોબાળો મચાવતા કોર્ટરૂમમાં તંગદિલી સર્જાઈ હતી. પ્રબલ પ્રતાપ નામના અરજદારે પોતાને "સાર્વભૌમ" ગણાવી ન્યાયાધીશોને આદેશાત્મક ભાષામાં સંબોધ્યા હતા. જસ્ટિસ કે.વી. વિશ્વનાથન અને આલોક આરાધેની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન તેમણે કાગળો ફેંક્યા અને ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત વિરુધ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો હોવાનું જણાવાયું છે. ઘટનાને પગલે સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક હસ્તક્ષેપ કરી અરજદારને કોર્ટરૂમની બહાર લઈ જઈ પોલીસને સોંપ્યો હતો. જોકે બેન્ચે તેમની સામે અવમાનનાની કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો હતો. કોર્ટે જણાવ્યું કે અરજદારની અરજીમાં દખલ કરવા માટે કોઈ નક્કર આધાર મળ્યો નથી અને સ્પેશિયલ લીવ પિટિશન ફગાવી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે.


# આરોપીઓએ રામ મંદિરના દાનની ચોરીના પૈસા શેરબજારમાં રોક્યા હોવાનો ખુલાસો

અયોધ્યા,તા.૧૦

અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસમાં મોટો ખુલાસો થયો છે કે આરોપીઓએ ચોરીના પૈસા શેરબજારમાં રોક્યા હતા. પૈસાનો સ્ત્રોત છુપાવવા અને તેને કાયદેસર બતાવવા માટે તેઓ પહેલા રકમ સંબંધીઓના ખાતામાં જમા કરાવતા અને પછી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરતા હતા. પોલીસે આવા બે ડઝન ખાતા ફ્રીઝ કર્યા છે. જૂન ૨૦૨૬ માં બહાર આવેલા આ કૌભાંડમાં ચંપત રાયના ડ્રાઈવર તિનુ યાદવ અને બેંકિંગ/આઉટસોર્સિંગ સ્ટાફ સહિત કુલ આઠ આરોપીઓની ધરપકડ થઈ છે. આરોપીઓ અનુકુલ, લવકુશ અને કરુણેશ પાસેથી રોકડ, કાર અને સોનું જપ્ત કરાયું છે. સ્થાનિક સુવર્ણકારો દ્વારા ચોરેલું સોનું પીગાળવામાં આવતું હોવાની આશંકાના આધારે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# સમાજવાદી પાર્ટી જામા મસ્જિદમાં હનુમાન ચાલીસાનો પાઠ કરી શકે? : સીએમ યોગી

અયોધ્યા,તા.૧૦



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શુક્રવારે અયોધ્યાની મુલાકાતે પહોંચ્યા હતા, જ્યાં તેમણે રૂ.૪૩૨ કરોડથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. એક જાહેર સભાને સંબોધતા સીએમ યોગીએ વિપક્ષી પક્ષો, ખાસ કરીને સમાજવાદી પાર્ટી (સપા) અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભૂતકાળની ઘટનાઓનો ઉલ્લેખ કરતા પ્રશ્ન કર્યો કે, જે લોકોએ હનુમાનગઢીના પગથિયાં પર નમાજ પઢાવવાનું પાપ કર્યું છે, શું તેઓ ક્યારેય જામા મસ્જિદમાં હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરી શકશે?

યોગી આદિત્યનાથે આક્ષેપ કર્યો કે સપાએ રામભક્તો પર ગોળીઓ ચલાવી હતી અને કોંગ્રેસે ભગવાન રામના અસ્તિત્વ પર સવાલો ઉઠાવીને અયોધ્યા માટે ઓળખનું સંકટ ઊભું કર્યું હતું. તેમણે ઉમેર્યું કે વિપક્ષો વિકાસ લાવી શક્યા નથી, તેથી જ તેઓ વિરોધ કરી રહ્યા છે. મુખ્યમંત્રીએ દાવો કર્યો કે તેમની સરકારે અયોધ્યાને રોડ, રેલવે અને હવાઈ માર્ગે જોડીને વૈશ્વિક સ્તરે એક નવી અને ભવ્ય ઓળખ આપી છે, જેના કારણે આજે લાખો ભક્તો અયોધ્યા આવી રહ્યા છે.

# દિલ્હી-એનસીઆર સહિત ૧૮ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપતુ હવામાન વિભાગ


નવી દિલ્હી,તા.૧૦



સમગ્ર દેશમાં ચોમાસું સક્રિય થતાં જ જનજીવન ખોરવાયું છે. દિલ્હી-એનસીઆરમાં મુશળધાર વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે અને ભારે ટ્રાફિક જામ સર્જાયો છે. હવામાન વિભાગે દિલ્હી અને ઉત્તર પ્રદેશ સહિત ૧૮ રાજ્યોમાં ભારે વરસાદ અને ૮૫ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી જારી કરી છે. વરસાદને કારણે ઉત્તરાખંડમાં ભૂસ્ખલનથી ૧૦૭ રસ્તાઓ બંધ થયા છે, જ્યારે હિમાચલમાં પૂરના કારણે ૧૦૦ ફૂટ લાંબો પુલ ડૂબી ગયો છે. મહારાષ્ટ્રના થાણેમાં ત્રણ અને પિંપરી ચિંચવાડમાં પ્લાન્ટનો કચરો તૂટી પડતાં એક વ્યક્તિનું મોત થયું છે. કેરળના વાયનાડમાં ભૂસ્ખલનને કારણે મૃત્યુઆંક છ થયો છે. દિલ્હીમાં એક બાળકનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું છે. જોકે, આ ભારે વરસાદને કારણે દિલ્હીનો વાયુ ગુણવત્તા સૂચકાંક (AQI) ૪૮ નોંધાયો છે, જે ત્રણ વર્ષમાં સૌથી શ્રેષ્ઠ છે.

# ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને દિલ્હી હાઈકોર્ટે ત્રણ મહિનાની જેલની સજા ફટકારી

નવીદિલ્હી,તા.૧૦



બોલીવૂડ અભિનેતા રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં દિલ્હી હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે ચેક બાઉન્સના તમામ સાત કેસોમાં તેમને ત્રણ મહિનાની સાદી કેદની સજા ફટકારી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તમામ સજાઓ એકસાથે ચાલશે, જેથી કુલ ત્રણ મહિનાની જ સજા ભોગવવી પડશે. સાથે જ દરેક કેસમાં ૧.૦૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જે કુલ ૭.૩૫ કરોડ રૂપિયા થાય છે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માએ નોંધ્યું કે રાજપાલ યાદવને કોર્ટમાં આપેલા વચનોનું પાલન કરવા માટે અનેક તકો આપવામાં આવી હતી, છતાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. ફરિયાદી પક્ષે લાંબા વિલંબ અને બાકી રકમની ચુકવણી ન થવા અંગે વાંધો ઉઠાવ્યો હતો. સમાધાનના અનેક પ્રયાસો નિષ્ફળ જતા હાઈકોર્ટે અંતે સજા અને દંડનો આદેશ આપ્યો હતો.

# AIMIMને ઝટકો : બીએમસીના કોર્પોરેટર રોશન શેખનું સભ્યપદ રદ કરાયું

મુંબઈ,તા.૧૦

મુંબઈમાં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM ને મોટો ઝટકો લાગ્યો છે. બૃહ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એ ગોવંડીના વોર્ડ ૧૩૮ ના કોર્પોરેટર રોશન શેખનું સભ્યપદ રદ કર્યું છે. જાતિ ચકાસણી સમિતિએ તેમનું OBC પ્રમાણપત્ર અમાન્ય જાહેર કર્યા બાદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૧૬ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. રોશન શેખે ૨૦૨૬ ની ચૂંટણી અનામત બેઠક પરથી જીતી હતી. આ અગાઉ છત્રપતિ સંભાજીનગરમાં AIMIM ના કાઉન્સિલર મેહરાજ ખાન સામે ત્રણ બાળકો હોવા છતાં સોગંદનામામાં ખોટી માહિતી આપવા બદલ ધરપકડની કડક કાર્યવાહી થઈ ચૂકી છે. જાન્યુઆરીમાં યોજાયેલી મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં AIMIM એ રાજ્યભરમાં ૧૨૫ બેઠકો અને BMC માં ૮ વોર્ડ જીતીને સારું પ્રદર્શન કર્યું હતું.

# ધરપકડ થાય કે મોત પરંતુ બાંગ્લાદેશ જવા માટે કટિબધ્ધ : શેખ હસીનાનો હૂંકાર

નવીદિલ્હી,તા.૧૦

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ જાહેરાત કરી છે કે તેઓ ડિસેમ્બર આસપાસ પોતાના દેશ પરત ફરવાનો ઈરાદો ધરાવે છે. એક મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું કે વતન પરત ફર્યા બાદ તેમની ધરપકડ થઈ શકે છે અથવા તેમની હત્યા પણ થઈ શકે છે, છતાં તેઓ બાંગ્લાદેશ જવા માટે પ્રતિબધ્ધ છે. શેખ હસીનાએ કહ્યું કે તેઓ પરત ફર્યા બાદ અદાલત સમક્ષ આત્મસમર્પણ કરશે. તેમણે પોતાના પક્ષના નેતાઓ અને કાર્યકરો પર દમન થતું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૪માં થયેલા વિદ્યાર્થી આંદોલન બાદ તેઓ દેશ છોડીને ભારત આવ્યા હતા. તાજેતરમાં બાંગ્લાદેશની ટ્રિબ્યુનલે તેમને માનવતા વિરુધ્ધના ગુનાઓના કેસમાં દોષિત ઠેરવી મૃત્યુદંડની સજા સંભળાવી છે.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ (૧) શ્રી વિલાસબેન ભુપેન્દ્રભાઈ વાળા તથા ભુપેન્દ્રભાઈ શાંતુભાઈ વાળા બંન્ને રહે, અમરેલી, તા.જી.અમરેલીવાળા કે જેઓએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં વરસડા રોડ રસ્તે "નારાયણનગર" સોસાયટીમાં આવેલ રે.સ.નં. ૧૪૮ પૈકીની બીનખેડવાણ જમીન પ્લોટ નં.૧૧/૨ ની જમીન સહનું મકાન આવેલ છે તેનો પ્લોટ એરિયા ચો.મી-૮૦-૦૦ છે. સદરહુ પ્લોટસહની મકાન મિલ્કતના માલીક હેતલબેન રાજેશભાઈ ભેસાણીયા પાસેથી અમારા ઉપરોકત અસીલ, તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૫૮૧૯થી કરી ખરીદવા માંગે છે.

સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન સર્વે નં.૧૪૮ પૈકીની કરશનભાઈ કલ્યાણભાઈ સેંજલીયાની માલીકીની હતી ત્યાર બાદ ૧૯૭૦માં કૌટુંબીક વહેચણી કરતા કેશવભાઈ કરશનભાઈના ભાગે એકર ૯-૦૦ ગુઠા જમીન આવેલ અને ૧૯૯૧માં સ.નં. ૧૪૮ પૈકીની ખીમજીભાઈ કરશનભાઈ, કેશવભાઈ કરશનભાઈ, તથા કિશોરકુમાર તે સ્વ.ગીરધરલાલ કરશનભાઈની જમીનની પ્રત્યક્ષ કબજા મુજબ ઘરસમજણથી વહેચણી કરતા એ. ૭-૨૫ ગુઠા જમીન કેશવભાઈ કરશનભાઈના સ્વતંત્ર માલીકી હકકે આવેલા તેમજ હિન્દુ વારસાધારા મુજબ કરશનભાઈ કલ્યાણભાઈનાં તમામ વારસોનો આ જમીનમાં હિસ્સો હોઈ મહેશભાઈ, રોહીતભાઈ, તથા વસંતભાઈના નામો દાખલ કરવા અરજ કરતા તેની નોંધ નં.૧૦૧૯૩ મે.મામલતદાર સાહેબ, અમરેલીએ તા.૨૮/૦૨/૧૯૯૫નાં રોજ મંજુર કરેલ છે. તેઓના કુલ મુખત્યાર તથા જાતે પોતે નં.૪.મહેશભાઈ કેશવભાલ સેંજલીયા તથા નં.૧ થી ૩ ના પાસેથી નં. (૧) કાંતાબેન લાલજીભાઈ કાચા તથા નં. (૨) અશોકભાઈ લાલજીભાઈ કાચાએ તા.૨૧/૧૧/૧૯૯૬ના રોજ રજી.વે.દ.નં.૨૭૦૦થી સયુકતરીતે વેચાણ રાખેલ તેઓ પાસેથી હેતલબેન રાજેશભાઈ ભેસાણીયાએ તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ રજી.વે.દ.નં.૪૯૪૦થી વેચાણ રાખેલ છે. અને તેઓ પાસેથી સદરહુ પ્લોટ નં.૧૧/૨ વાળી પ્લોટવાળી મકાન મિલ્કત ઉપરોકત અમારા અસીલશ્રીઓ સયુક્ત રીતે ખરીદ કરવા માંગતા હોઈને, તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે. તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યકરનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૧૦/૦૭/૨૦૨૬**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,**
**લીલીયા રોડ, અમરેલી.**

**સહિ,**
**દિપક વી. નાગ્રેચા**
એડવોકેટ-અમરેલી.


# ઓસ્ટ્રેલીયાની બીગ બેશ લીગની પ્રારંભીક મેચ ભારતમાં યોજાશે : પીએમ મોદીની જાહેરાત

મેલબોર્ન,તા.૧૦



વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ત્રણ દેશોના પ્રવાસે છે, જે અંતર્ગત તેઓ ઓસ્ટ્રેલિયા પહોંચ્યા હતા. ૧૦ જુલાઈના રોજ ઐતિહાસિક મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીસની હાજરીમાં પીએમ મોદીએ એક મોટી જાહેરાત કરી હતી. તેમણે સત્તાવાર રીતે જણાવ્યું કે ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત ટી૨૦ લીગ 'બિગ બેશ લીગ' (BBL) ની ૧૬મી સીઝનની ઓપનિંગ મેચ ભારતમાં રમાશે. આ પ્રથમ વખત બનશે જ્યારે કોઈ વિદેશી ટી૨૦ લીગની શરૂઆત ભારતની ધરતી પર થશે. ૧૨ ડિસેમ્બરે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં મેલબોર્ન રેનેગેડ્સ અને પર્થ સ્કોર્ચર્સ વચ્ચે આ ઐતિહાસિક મુકાબલો રમાશે.

ડિસેમ્બરમાં ભારતમાં યોજાનારા અઠવાડિયા લાંબા 'ઓસ્ટ્રેલિયન કલ્ચરલ ફેસ્ટિવલ'માં આ મેચ મુખ્ય આકર્ષણ રહેશે. પીએમ મોદીએ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના રમતગમતના સંબંધો પર ભાર મૂકતા કહ્યું કે, બંને દેશો માટે ક્રિકેટ માત્ર એક રમત નથી, પરંતુ એક સહિયારો જુસ્સો છે. આ પ્રસંગે સ્ટીવ વો અને લિસા સ્થાલેકર જેવા દિગ્ગજ ક્રિકેટરો પણ હાજર રહ્યા હતા.

# શાંતિ કરાર સમાપ્ત થતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાન પર હુમલા કરવાનો આદેશ આપ્યો

વોશિંગ્ટન,તા.૧૦

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના યુધ્ધવિરામ કરારના બે અઠવાડિયા પછી અચાનક હુમલાનો આદેશ આપ્યો છે. જેથી 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, હોર્મુઝ સ્ટ્રેટમાં ત્રણ વાણિજ્યિક જહાજો પર ઈરાને મિસાઈલ અને ડ્રોનથી હુમલા કર્યા હોવાની ગુપ્ત માહિતી મળ્યા બાદ અમેરિકાએ પોતાની વ્યૂહરચના બદલી છે.

# સુરતમાં પાણીમાંથી વધુ ૮ મૃતદેહ મળતા કુલ મૃત્યાંક ૪૧ એ પહોંચ્યો

સુરત,તા.૧૦



સુરત શહેરમાં ભારે વરસાદ અને પૂરના કારણે સર્જાયેલી તબાહીમાં અત્યાર સુધીમાં કુલ ૪૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેના લીધે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

તાજેતરમાં જ પાણીમાંથી વધુ ૮ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જેમાં બે વર્ષની બાળકીથી લઈને વૃધ્ધોનો સમાવેશ થાય છે. ખરવાસા, લિંબાયત, સારોલી અને ભેસ્તાન જેવા વિસ્તારો પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. છેલ્લા ચાર દિવસમાં કરંટ લાગવાથી અને પાણીમાં ડૂબી જવાથી અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. સ્થાનિક લોકો આ ભયાનક કરૂણાંતિકા માટે કુદરતી આફતની સાથે વહીવટી તંત્રની કથિત નિષ્ક્રિયતા અને લાપરવાહીને પણ જવાબદાર ગણી રહ્યા છે, જેને કારણે જનતામાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં પીડિત પરિવારોને ઝડપી સહાય મળે તેવી માંગ ઉઠી રહી છે.

# રાજયમાં ચાંદીપુરા વાયરસથી ત્રણ બાળકોના મોતથી લોકોમાં ફફડાટ

સુરત,તા.૧૦



ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસો સામે આવતા આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી શંકાસ્પદ તેમજ પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં વાયરસના કારણે ત્રણ બાળકોના મોત થયા છે. ગોધરાના બે બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. ઉપરાંત હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં રાજસ્થાનના એક બાળકને દાખલ કરવામાં આવ્યું હતું, તેનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો અને સારવાર દરમિયાન તેનું પણ મોત થયું હતું. એક અન્ય બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેને વડનગરની હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગે લોકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

# સુરતમાં પૂર બાદ ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મોડી રાત્રે હાઈલેવલ બેઠક મળી

સુરત,તા.૧૦

સુરતમાં ભારે વરસાદથી સર્જાયેલી પૂરની સ્થિતિ બાદ રાજ્ય સરકાર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડી રાત્રે વહીવટી અધિકારીઓ સાથે હાઈલેવલ બેઠક યોજીને રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ૯૧૦૦ પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરવામાં આવ્યો છે, જે અંતર્ગત ૮૦૦થી વધુ પરિવારોને વચગાળાની રાહત તરીકે રૂપિયા ૬,૮૦૦ લેખે કેશડોલ અને ઘરવખરી સહાયની ચૂકવણી કરી દેવાઈ છે. વેપારીઓના નુકસાન માટે ૫૮ કોમર્શિયલ વિસ્તારોનો સર્વે કરીને ઈન્સ્યોરન્સ પ્રક્રિયા ઝડપી બનાવવા ખાસ ઈન્ચાર્જની નિમણૂંક કરાઈ છે. આગામી સમયમાં કોમર્શિયલ નુકસાન માટે નવી પોલિસી જાહેર થશે. પૂર ઓસર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે વડોદરાથી ૧૦૦૦ સફાઈ કર્મચારીઓ બોલાવાયા છે.

**આધુનિક ખેતી પધ્ધતિ અપનાવી ઉત્પાદન વધારવા**

# 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' નીચે કપાસની ખેતી કરતા ખેડૂતોને હેક્ટર દીઠ રૂા.૧૪ હજારનું વળતર

ગાંધીનગર,તા.૧૦

દેશમાં કપાસનું ઉત્પાદન વધારવા, આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને ખેડૂતોની આવકમાં વધારો કરવા કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ સુધી માટે 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ કપાસની ખેતી કરતા ખેડૂતોને આધુનિક ખેતી પધ્ધતિ અપનાવવા માટે હેક્ટર દીઠ રૂ. ૧૪ હજાર સુધીની સહાય આપવામાં આવશે. કૃષિમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે ગુજરાત દેશના અગ્રણી કપાસ ઉત્પાદક રાજ્યોમાં સ્થાન ધરાવે છે. રાજ્યમાં કપાસનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે આ વર્ષે રૂ. ૧૩૪.૮૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. રાજ્યના ૨૧ જિલ્લાઓમાં એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને યોજનામાં આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ખેડૂતો આજથી આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકશે. યોજના માટે સરકાર માન્ય કપાસની જાતો અથવા મંજૂર કરાયેલા બીટી કપાસના બિયારણનો ઉપયોગ કરેલો હોવો જરૂરી રહેશે તેમજ ફાર્મર રજીસ્ટ્રી ફરજિયાત રહેશે. સરકાર દ્વારા ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમો પણ યોજાશે જેથી નવી ટેક્નોલોજી અપનાવી વધુ ઉત્પાદન મેળવી શકાય.

# અમદાવાદ-ધોલેરા હાઈવેને ભાવનગર સુધી લંબાવવાનો કરાયો નિર્ણય

ભાવનગર,તા.૧૦



ગાંધીનગરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વચ્ચે રાજ્યના નેશનલ હાઈવે પ્રોજેક્ટોની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં ગુજરાતના અનેક મહત્વના માર્ગ પ્રોજેક્ટોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાની કામગીરી આગામી ત્રણ મહિનામાં શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે સૌરાષ્ટ્રના વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડમાં પાંચ અધિકારીઓને કાયમી ઘરભેગા

રાજકોટ,તા.૧૦

રાજકોટના TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે રાજ્ય સરકાર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મનપાના ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા તેમજ ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓ ગૌતમ જોષી, મુકેશ મકવાણા, જયદીપ ચૌધરી અને રાજેશ મકવાણાને સેવામાંથી ડિસમિસ કરવામાં આવ્યા છે. અગ્નિકાંડની તપાસ દરમિયાન અધિકારીઓની જવાબદારી સામે આવતા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા નિવૃત્તિ વય પૂર્ણ કરી ચુક્યા હોવાથી તેમનું રજાનું રોકડ રૂપાંતર અટકાવી માત્ર પ્રોવિઝનલ પેન્શન ચુકવવાનો નિર્ણય લેવાયો છે. એડવોકેટ નરેન્દ્રસિંહ જાડેજાના જણાવ્યા મુજબ દેશમાં આ પ્રકારનો દુર્લભ કિસ્સો છે જેમાં ખાતાકીય તપાસ બાદ અધિકારીઓને સીધા ડિસમિસલ ઓફ સર્વિસની સજા કરવામાં આવી હોય.


દુઃખદ અવસાન - બેસણું



સ્વ. મંજુલાબેન ધનજીભાઈ ધોરાજીયા

સ્વ.તા. ૦૯-૦૭-૨૦૨૬, ગુરુવાર

(ઉ.વ.૬૫)

અમારા માતૃશ્રી મંજુલાબેન ધનજીભાઈ ધોરાજીયા સ્વ.તા. ૦૯-૦૭-૨૦૨૬ ને ગુરુવાર ના રોજ અવસાન પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતી અર્પે એ જ પ્રાર્થના..

સદ્ગતનું બેસણું

તારીખ : ૧૧-૦૭-૨૦૨૬, શનિવાર

સમય : સવારના ૦૯:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી

સ્થળ : આર.કે. હોલ કેરીયા રોડ, ફાટક પાસે, અમરેલી

લી.

શ્રી મેહુલભાઈ ધનજીભાઈ ધોરાજીયા (ઉપપ્રમુખ, જિલ્લા ભાજપ અમરેલી)

શ્રી રાઘવભાઈ શામજીભાઈ ધોરાજીયા

શ્રી ધીરુભાઈ શામજીભાઈ ધોરાજીયા

શ્રી સુરેશભાઈ કનુભાઈ ધોરાજીયા

શ્રી ભૌતિકભાઈ કુરજીભાઈ ધોરાજીયા

શ્રીમતિ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા (પુત્રી) (પ્રમુખ, નગરપાલિકા અમરેલી)

ધોરાજીયા પરિવારના જય શ્રીકૃષ્ણ....


# ઊંઝા-ઉનાવામાં ભેળસેળયુક્ત વરિયાળીનો મોટો જથ્થો જપ્ત

મહેસાણા,તા.૧૦

ગુજરાત સરકારની મિલાવટખોરો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ હેઠળ મહેસાણા જિલ્લાના ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરવાળી ૨૬ ટનથી વધુ ભેળસેળયુક્ત વરિયાળીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં ફ્લાઈંગ સ્કોડે મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલના ગોડાઉન અને મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી પર દરોડા પાડ્યા હતા. આ બંને આસામીઓ વરિયાળીને આકર્ષક બનાવવા અખાદ્ય કલર ભેળવતા હતા અને તેમની પાસે ફૂડ સેફ્ટી લાઈસન્સ પણ નહોતું. અધિકારીઓએ રૂ. ૧૯.૬ લાખની વરિયાળી સીઝ કરી તેના નમૂના લેબોરેટરીમાં મોકલ્યા છે અને જવાબદારો સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના જેતપર ગામે વીજપોલ મુદ્દે ૪ ગણુ વળતર આપવા ખેડૂતોની માંગ

મોરબી,તા.૧૦

મોરબી જિલ્લાના જેતપર ગામે વીજપોલ અને વીજ કોરિડોરના વળતર મુદ્દે ખેડૂતો અને સરપંચોની મહત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યના અનેક જિલ્લાઓમાંથી ખેડૂત આગેવાનો હાજર રહ્યા હતા અને આગામી આંદોલન પાર્ટ-૩ અંગે ચર્ચા કરાઈ હતી.

સરકાર સામે ફરી લડત ચલાવવાની તૈયારી શરૂ કરાઈ છે. ખેડૂત આગેવાનોએ જણાવ્યું કે રાજસ્થાનમાં ખેડૂતોને વધારે વળતર મળે છે ત્યારે ગુજરાતમાં પણ તે મુજબ ચાર ગણુ વળતર આપવુ જોઈએ. સરકારનો હાલનો પરિપત્ર અપૂરતો હોવાનું જણાવી વધુ યોગ્ય વળતરની માંગ કરાઈ હતી. માંગણીઓ નહીં સ્વીકારાય તો ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે સમિતિઓ બનાવી રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે


ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી, ફોન નં.૦૨૭૯૨-૨૨૨૬૦૧

ઈ-મેઈલ : ho@ajms, bank.in વેબસાઈટ : www.ajms.bank.in

- ટેન્ડર નોટીસ -

'ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.' ની વાંકિયા શાખા માટે બેંક બિલ્ડીંગ બાંધવા માટે સક્ષમ કોન્ટ્રાકટરો પાસેથી લેબરકામ માટેના ટેન્ડરો મંગાવવામાં આવે છે.

- ટેન્ડર ફી રૂા.૫૦૦/- રોકડા (નોન રેફંડેબલ) ચુકવી કોરા ટેન્ડરો નીચેના કામ માટે મેળવવાના રહેશે.
- લેબરકામના કોરા ટેન્ડરો ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. 'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફીસ, અમરેલી મુકામે જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) પાસેથી રજાના દિવસો સિવાય તા. ૧૩/૦૭/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ દરમ્યાન મેળવી લેવાના રહેશે.
- ભરેલ ટેન્ડરો તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીમાં બપોરના ૪/૦૦ કલાક સુધીમાં ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. 'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફીસ, અમરેલી ખાતે રૂબરૂ આપવાના રહેશે.
- સદર કામના જરૂરી પુરાવા જેવા કે, તાજેતરનુ આધાર કાર્ડ, પાન કાર્ડ તથા અનુભવના સર્ટીફીકેટસ વિગેરે ટેન્ડર સાથે સીલ બંધ કવરમાં મોકલવાના રહેશે.

નોંધ : ટેન્ડર કે ટેન્ડરનો કોઈપણ ભાગ વગર કારણ આપ્યે મંજુર કે નામંજુર કરવો તેનો હકક ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નો અબાધીત રહેશે.

| કામનું નામ | બાંધકામનો અંદાજીત ક્ષેત્રફળ | ટેન્ડર ફી | કામનું સ્થળ |
|---|---|---|---|
| વાંકિયા શાખાના બેંક બિલ્ડીંગનુ કામ | ૧૫૨.૦૯ ચોરસ મીટર | ૫૦૦/- | મુ.વાંકિયા તા.જી.અમરેલી |

(બી. એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી અ.જી.મ.સ. બેંક લી, અમરેલી.







